RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 296* Date: 24.08.2020 Monday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## પીએમ મોદીએ પ્લાસ્ટિક ટોય ઉત્પાદનને પ્રોત્સાહન આપવા કર્યો આદેશ

ન્યુ દિલ્હી,તા.૨૩

દેશમાં પ્લાસ્ટિકના રમકડાં અથવા બાળકોના રમકડાંના ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ અન્ય કેબિનેટ મંત્રીઓ અને ઉચ્ચ અધિકારીઓ સાથે મહત્વપૂર્ણ બેઠક યોજી હતી. બેઠકમાં પીએમ મોદીએ તમામ મંત્રાલયને એ પ્રકારની નીતિ અને વાતાવરણ બનાવવાનો આદેશ આપ્યો જેથી રાજ્યોમાં પ્લાસ્ટિકના રમકડાં બનાવવા માટે ક્લસ્ટરો બનાવવામાં આવી શકે. આ વિશેષ ક્લસ્ટરો દેશના બાળકો માટે માત્ર રમકડા જ બનાવશે નહીં પરંતુ દેશમાં બનાવેલા રમકડા પણ વિદેશમાં નિકાસ કરી શકાય.

પીએમ મોદીએ પ્લાસ્ટિક ટોય ઉત્પાદનને પ્રોત્સાહન આપીને વોકલ ફોર લોકલ અને આત્મનિર્ભર ભારત મિશનને સફળ બનાવવા પર ભાર મૂક્યો. હકીકતમાં દેશમાં ચીનથી આયાત કરવામાં આવતા પ્લાસ્ટિકના રમકડાંથી સરકાર ખૂબ જ ચિંતિત છે. સ્થિતિ એ છે કે દેશના બજારોમાં વેચાતા બાળકોના પ્લાસ્ટિકના રમકડાઓમાં ચીનનો જબરદસ્ત દબદબો છે. સ્થિતિ એ છે કે ૭૦% પ્લાસ્ટિકના રમકડાં આયાત કરવામાં આવે છે જ્યારે દેશમાં ફક્ત ૩૦-૩૫% રમકડાં બનાવવામાં આવે છે. આ બગડતા ગણિતમાં સુધારો લાવવાના દ્રષ્ટિકોણથી સરકાર પ્લાસ્ટિકના રમકડાંની આયાત પર પ્રતિબંધ મુકવા માંગે છે

અને દેશમાં પ્લાસ્ટિક રમકડાંના ઉત્પાદનને પ્રોત્સાહિત કરવા માંગે છે. પીએમ મોદીએ બેઠકમાં યુવાનોને પ્રોત્સાહિત કરવા માટે રસ્તો બનાવવાનું કહ્યું. વડાપ્રધાને પ્લાસ્ટિકના રમકડાંમાં વધુને વધુ ટેકનોલોજી અપનાવવાનું અને ઈનોવેશન પર પણ પીએમ મોદીએ ભાર મૂક્યો હતો. પીએમ મોદીએ બાળકોના રમકડાંના વિષય પર હેક્થોન આયોજન કરવાની પણ સલાહ આપી છે, જેમાં યુવાનોની ભાગીદારીથી નવા વિચારો જ નહીં, પણ પ્લાસ્ટિકના રમકડાંના ઉત્પાદનમાં નવી તકનીક અને નવી ડિઝાઈન પણ દેશને મળી શકશે.

### નેતૃત્વ પરિવર્તનની અટકળો વચ્ચે આજે કોંગ્રેસની CWCની મહત્વપૂર્ણ બેઠક મળશે

# કોંગ્રેસમાં જળમૂળથી ફેરફારની જરૂર: ૨૩ નેતાઓનો સોનિયાને પત્ર

### નેતાઓએ કોંગ્રેસનો બેસ ઓછો થવા અને યુવાનોનો પક્ષ પરથી આત્મવિશ્વાસ તૂટવા અંગે ચિંતા વ્યક્ત કરી



*ન્યુ દિલ્હી,તા.૨૩*

કોંગ્રેસના ઈતિહાસમાં આવું પહેલીવાર થયું છે કે જ્યારે પાર્ટીના દિગ્ગજ નેતાઓએ વચગાળાની અધ્યક્ષ સોનિયા ગાંધીને પત્ર લખીને કોંગ્રેસમાં મોટા પરિવર્તનની માંગ કરી છે. આ માંગ કોંગ્રેસના ૨૩ વરિષ્ઠ નેતાઓએ કરી છે. તેમાં ૫ પૂર્વ મુખ્યમંત્રી, શશિ થરૂર જેવા સાંસદ, કોંગ્રેસ કાર્યસમિતિના સભ્ય અને તમામ પૂર્વ કેન્દ્રીય મંત્રી સામેલ છે. તેમનું કહેવું છે કે પાર્ટીમાં મોટા પરિવર્તન કરીને કોંગ્રેસને થઈ રહેલા નુકસાનથી બચાવવામાં આવે. એક રિપોર્ટ મુજબ, આ પત્ર બીજેપીની પ્રગતિ તરફ ઈશારો કરે છે. એવો સ્વીકાર કરતાં કે યુવાઓએ નિર્ણાયક રૂપથી નરેન્દ્ર મોદીને મત આપ્યા છે. પત્ર જણાવે છે કે કોંગ્રેસને મૂળભૂત રીતે સમર્થનમાં નુકસાન થયું છે. યુવાઓને વિશ્વાસ ગુમાવવો ગંભીર ચિંતાનો વિષય છે. આ પત્ર લગભગ બે સપ્તાહ પહેલા મોકલવામાં આવ્યો હતો. પત્રના માધ્મમથી દિગ્ગજ નેતાઓએ એક પૂર્ણકાણના અને પ્રભાવી નેતૃત્વની માંગ કરી છે, જે ગ્રાઉન્ડ લેવલે જોવા પણ મળે અને સક્રિય પણ રહે.

સાથોસાથ પાર્ટીના પુનરુદ્ધાર માટે સામૂહિક રીતે સંસ્થાગત નેતૃત્વ તંત્રની તાત્કાલિક સ્થાપના માટે પણ કહેવામાં આવી રહ્યું છે. પત્ર પર હસ્તાક્ષર કરનારાઓમાં રાજયસભામાં વિપક્ષના નેતા ગુલાબ નબી આઝાદ, પાર્ટીના સાંસદ અને પૂર્વ કેન્દ્રીય મંત્રી આનંદ શર્મા, કપિલ સિબ્બલ, મનીષ તિવારી, શશિ થરૂર, સાંસદ વિવેક તન્ખા, એઆઈસીસીના પદાધિકારી અને સીડબલ્યૂસી સભ્ય જેમાં મુકુલ વાસનિક અને જિતિન પ્રસાદ અને પૂર્વ મુખ્યમંત્રી અને કેન્દ્રીય મંત્રી સામેલ છે. સાથોસાથ ભૂપિન્દર સિંહ હુડ્ડા, રાજેન્દ્ર કૌર ભટ્ટલ, એમ વીરપ્પા મોઈલી, પૃથ્વીરાજ ભવન, પી જે કુરિયન, અજય સિંહ, રેણુકા ચૌધરી અને મિલિન્દ દેવરા પણ સામેલ છે. પૂવી પીસીસી પ્રમુખ રાજ બબ્બર (યૂપી), અરવિંદર સિંહ લવલી (દિલ્હી) અને કૌલ સિંહ ઠાકુર (હિમાચલ), બિહાર અભિયાનના પ્રમુખ અખિલેશ પ્રસાદ સિંહ, હરિયાણાના પૂર્વ સ્પીકર કુલદીપ શર્મા, દિલ્હીના પૂર્વ સ્પીકર યોગાનંદ શાસ્ત્રી અને પૂર્વ સાંસદ સંદીપ દીક્ષિતે પણ તેમાં હસ્તાક્ષર કર્યા છે. પત્રમાં કહેવામાં આવ્યું છે કે, લોકસભા ચૂંટણીમાં હારના એક વર્ષ બાદ પણ પાર્ટીએ સતત જનાધાર ગુમાવવાના કારણો વિશે જાણવા માટે આત્મનિરીક્ષણ નથી કર્યું. સૂત્રોના હવાલાથી જાણવા મળ્યું છે કે પત્રના જવાબના રૂપમાં એક પ્રમુખ સંગઠનાત્મક પરિવર્તનની યોજના બનાવવામાં આવી રહી છે. સોમવારે મળનારી સીડબલ્યૂસીની બેઠકમાં તેની જ જાહેરાત થવાની આશા છે. કોંગ્રેસમાં નેતૃત્વ પરિવર્તનની ચર્ચા માટે સોમવારે ઉચ્ચ સ્તરીય બેઠક, પાર્ટી પ્રવક્તા વેણુ ગોપાલે જણાવ્યા મુજબ વિડિઓ કોન્ફરન્સના માધ્યમથી સોમવારે સવારે ૧૧ વાગ્યે ઝઉઝ મિટિંગ મળશે, કાર્યકારી અધ્યક્ષ તરીકે સોનિયા ગાંધીની એક વર્ષ માટે કરાયેલી નિમણૂકનો સમય પૂરો થઇ ગયો હોવાથી બિન ગાંધી પરિવારમાંથી પાર્ટી પ્રેસિડેન્ટની પસંદગી કરવી કે કેમ તે અંગે ચર્ચા થશે, ઉપરાંત કોરોના વાઈરસ ,વર્તમાન અર્થવ્યવસ્થા, તથા રાજકીય મુદ્દાઓની છણાવટ કરાશે.

## આંતર-રાજ્ય પરિવહન પર પ્રતિબંધો નહીં મૂકવા રાજ્યોને કેન્દ્રનો આદેશ

ન્યુ દિલ્હી,તા.૨૩

દેશમાં કોરોનાના કારણે લદાયેલું લોકડાઉન સંપૂર્ણપણે ઉઠાવી નથી લેવાયું અને કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર અનલોક પ્રક્રિયા હેઠળ લોકડાઉનમાં ક્રમશઃ છૂટછાટો આપી રહી છે. મોદી સરકાર દ્વારા અત્યાર સુધીમાં ત્રણ વાર લોકડાઉનને હળવા કરવાના નિયમો અનલોક ૧, અનલોક ૨ અને અનલોક ૩ હેઠળ જાહેર કરાયા છે. જો કે કોરોનાના વધતા કેસોના કારણે કેટલાંક રાજ્યોમાં હજુ લોકડાઉન છે અને આકરા નિયંત્રણો લદાયેલાં છે .ત્યારે કેન્દ્રીય ગૃહ મંત્રાલયે મહત્વનો આદેશ આપીને લોકો અને માલસામાનના આંતર-રાજ્ય પરિવહન પર પ્રતિબંધો નહીં મૂકવા માટે બધા જ રાજ્યોને જણાવ્યું છે. કેન્દ્રીય ગૃહ સચિવ અજય ભલ્લાએ બધા જ રાજ્યોના મુખ્ય સચિવોને પત્ર લખીને લોકો તથા માલ-સામાનના પરિવહન પર વિવિધ જિલ્લાઓ અને રાજ્યો દ્વારા સૃથાનિક સ્તરે મૂકાયેલા નિયંત્રણો દૂર કરવા નિર્દેશો આપ્યા છે. ભલ્લાએ જણાવ્યું હતું કે,

સ્થાથાનિક તંત્ર દ્વારા માલ-સામાનના પરિવહન પર મુકાતા નિયંત્રણોથી માલ-સામાન અને સેવાની પુરવઠા ચેઈન ખોરવાઈ રહી છે અને તેનાથી આર્થિક પ્રવૃત્તિઓ તેમજ રોજગારીને મોટો ફટકો પડી રહ્યો છે. આ સંજોગોમાં આંતરરાજ્ય પરિવહન પર પ્રતિબંધ મૂકવો નહીં. આ ઉપરાંત અનલૉક ૩ની માર્ગદર્શિકામાં સ્પષ્ટપણે જણાવાયું છે કે, પડોશી દેશો સાથે સંધિ હેઠળ સરહદ પારના વેપાર માટે માલ-સામાનના પરિવહન માટે અલગથી કોઈ મંજૂરી કે ઈ-પરમીટની જરૂર નથી.

### છેલ્લા ૨૪ કલાકમાં ૬૯,૨૩૯ નવા કેસ, ૯૧૨ દર્દીનાં મોત

# દેશમાં કોરોનાનો આંક ૩૦ લાખને પાર, કુલ ૫૬,૭૦૬ લોકોએ ગુમાવ્યો જીવ

ન્યુ દિલ્હી,તા.૨૩

કોવિડ-૧૯નું સંક્રમણ જે રીતે દેશમાં વધી રહ્યું છે તેનાથી ચિંતામાં વધારો થઈ રહ્યો છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય વિભાગ તરફથી રવિવારે જાહેર કરેલા આંકડાઓ મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં ૬૯,૨૩૯ નવા પોઝિટિવ કેસો નોંધાયા છે. આ ઉપરાંત કોવિડ-૧૯ના કારણે ૯૧૨ દર્દીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે. ભારતમાં હવે કુલ સંક્રમિતોની સંખ્યા વધીને ૩૦,૪૪,૯૪૧ થઈ ગઈ છે. નોંધનીય છે કે, ભારતમાં કોરોના વાયરસના હવે ૭ લાખ ૦૭ હજાર ૬૬૮ એક્ટિવ કેસ છે. બીજી તરફ, ૨૨ લાખ ૮૦ હજાર ૫૬૭ લોકો સાજા પણ થઇ ચૂક્યા છે. દેશમાં અત્યાર સુધીમાં કુલ ૫૬,૭૦૬ લોકોનાં કોરોના વાયરસના કારણે મોત થયા છે. બીજી તરફ, ગુજરાતમાં ૨૪ કલાકમાં કોરોના વાયરસના ૧૨૧૨ નવા કેસ નોંધાયા છે. જેની સામે ૯૮૦ દર્દીઓ સાજા થયા છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજયમાં કોવિડ-૧૯ના કારણે ૧૪ દર્દીના મોત થયા છે. રાજયમાં કુલ મૃત્યુઆંક ૨૮૮૩ થયો છે. ૨૪ કલાકમાં સૌથી વધુ સુરત જિલ્લામાં ૨૩૮ કેસ નોંધાયા છે.

રાજ્યમાં કોરોનાના કુલ કેસ ૮૫,૬૭૮ છે. જેમાંથી એક્ટિવ કેસ ૧૪,૫૩૮ છે. આજે રાજ્યમાં કુલ ૭૫,૨૫૮ ટેસ્ટ કરવામાં આવ્યા છે. ગુજરાતના આરોગ્ય વિભાગે આપેલી વિગતો પ્રમાણે રાજ્યમાં નવા નોંધાયેલા કેસમાં સુરતમાં ૨૩૮, અમદાવાદમાં ૧૭૯, વડોદરામાં ૧૨૨, રાજકોટમાં ૯૯, જામનગરમાં ૮૦, અમરેલીમાં ૬૭, ભાવનગરમાં ૫૮, પંચમહાલમાં ૩૬, ભરૂચમાં ૩૨, ગાંધીનગરમાં ૨૭, મહેસાણામાં ૨૬, કચ્છમાં ૨૪, ગીર સોમનાથમાં ૧૮, જૂનાગઢ, આણંદ, બનાસકાંઠામાં ૧૬-૧૬, દાહોદમાં ૧૪, પાટણમાં ૧૩, દેવભૂમિ દ્વારકા, પોરબંદરમાં ૧૦-૧૦, ખેડા, સુરેન્દ્રનગર, નર્મદા, તાપીમાં ૯-૯, જામનગર, મહિસાગરમાં ૮-૮, બોટાદ,

નવસારી, સાબરકાંઠામાં ૭-૭, વલસાડમાં ૬, અરવલ્લી, છોટા ઉદેપુરમાં ૩-૩ અને ડાંગમાં ૨ સહિત કુલ ૧૨૧૨ નવા કેસ નોંધાયા છે. ગુજરાતમાં કોરોનાના કારણે ૧૪ દર્દીઓના મોત થયા છે. જેમાં સુરતમાં ૬, અમદાવાદમાં ૩, જૂનાગઢમાં ૨, કચ્છ, પાટણ અને વડોદરામાં ૧-૧ દર્દીઓના મોત થયા છે. બીજી તરફ સુરતમાં ૩૦૮, અમદાવાદમાં ૧૬૭, રાજકોટમાં ૮૫, વડોદરામાં ૪૭ સહિત કુલ ૯૮૦ દર્દીઓએ કોરોના વાયરસને મ્હાત આપી છે. ગુજરાતમાં અત્યારે કુલ ૧૪,૫૩૮ દર્દીઓ એક્ટિવ પેશન્ટ તરીકે દાખલ છે, જેમાં ૮૫ દર્દીઓ વેન્ટીલેટર પર છે. રાજ્યમાં ૧૪,૪૫૩ દર્દીઓ સ્ટેબલ છે. રાજયમાંથી અત્યાર સુધીમાં ૬૮,૨૫૭ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે.

સ્વાસ્થ્ય મંત્રાલયની તરફથી જાહેર કરાયેલા આંક અનુસાર દેશમાં ૧૬થી ૨૨ ઓગસ્ટ સુધી એક અઠવાડિયામાં ૫૮૧૪ લોકોના મોત થયા છે. રોજ ૯૦૦થી વધુ લોકોના જીવ ગયા હોવાનું છેલ્લા એક અઠવાડિયામાં નોંધાયા છે. આ સાથે જ ૧૯ ઓગસ્ટે ૧૦૯૨ લોકોના મોત કોરોનાથી થયા છે. કોરોના સંક્રમિતમાં અમેરિકા દુનિયામાં પહેલા, બ્રાઝિલ બીજા અને ભારત ત્રીજા સ્થાને છે. આ મહામારીથી થયેલા મોતના કેસમાં અમેરિકા પહેલા, બ્રાઝિલ બીજા, મેક્સિકો ત્રીજા અને ભારત ચોથા ક્રમે છે. મહારાષ્ટ્રમાં કોરોનાના કારણે વધારે મોત થયા છે. મહારાષ્ટ્રમાં ૨૧૬૯૮ મોત થયા છે. દિલ્હીમાં ૪૨૭૦ મોત, તમિલનાડુમાં ૬૩૪૦ દર્દીના મોત થયા છે.

## દક્ષિણી સમુદ્રમાં ચીને લડાકુ વિમાન તૈનાત કર્યા, વિયતનામે ભારતને ચેતવ્યું

ન્યુ દિલ્હી,તા.૨૩

ભારત-ચીનની વચ્ચે તણાવભર્યો માહોલ છે, ત્યારે વિયતનામે પણ ચિંતા વ્યક્ત કરી છે. કહેવાઈ રહ્યું છે કે, ચીને વિયતનામ સાથે જોડાયેલી સરહદ નજીક દક્ષિણ ચીન સમુદ્રમાં લડાકુ વિમાન તૈનાત કરી દીધાં છે. આ અંગે ચિંતિત વિયતનામે ભારતને જાણકરી આપી છે. ભારતમાં વિયતનામનાં રાજદૂત ફેમ સન ચાઉએ આ જાણકારી ભારતીય વિદેશ સચિવ હર્ષ શ્રૃંગલાને એક મુલાકાત દરમિયાન જણાવી છે. હાલ ભારત-ચીનની વચ્ચે તણાવભર્યો માહોલ છે, ત્યારે વિયતનામની આ ચિંતા ભારત માટે માથાનો દુઃખાવો છે. કારણ કે, દક્ષિણ ચીન સમુદ્રમાં પોતાના લડાકુ વિમાનથી ભારત પર હુમલો કરી શકે છે. જેથી વિયતનામની આ ચિંતા ભારત માટે વિચારવા લાયક છે. ભારતની દક્ષિણે હિંદ મહાસાગર છે, જેથી દક્ષિણ સમુદ્રમાં ચીન દ્વારા લડાકુ વિમાન તૈનાત કરવા ભારત માટે ખતરારૂપ સાબિત થઈ છે. મળતી માહિતી મુજબ, એક બેઠકમાં વિયતનામના રાજદૂત અને ભારતીય વિદેશ સચિવ વચ્ચે દક્ષિણી ચીન સાગરમાં ચીનના કારણે પેદા થતી તણાવ ચર્ચા કરી હતી. વિયતનામે ભારત સાથે મજબૂત રણનીતિક ભાગીદારીને આગળ વધારવાની તૈયારી પણ દર્શાવી છે. આ અંગે ફેમ સન ચાઉએ જણાવ્યું કે, ચીને એચ૬જે બોમ્બરને વૂડી આઈલેન્ડ પર તૈનાત કરી રાખ્યું છે. જે વિવાદિત પૈરાસેલ દ્વીપોનો એક ભાગ છે, જેના પર ચીનની સેવા પીપલ્સ લિબરેશન આર્મીએ કબ્જો જમાવી રાખ્યો છે. ચીને આ દ્વીપ પર એટલા માટે તૈનાતી કરી રાખી છે.

## પ્રણવદાની હાલતમાં કોઈ સુધાર નહીં, હાલ વેન્ટિલેટર સપોર્ટ પર



ન્યુ દિલ્હી,તા.૨૩

પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીના સ્વાસ્થ્યમાં કોઈ પણ ફેરફાર નથી થયો. તેઓ હજુ પણ કોમામાં છે અને વેન્ટિલેટર સપોર્ટ પર છે. તેમના મહત્વના પેરામીટર સ્થિર છે. આર્મી હોસ્પિટલ રિસર્ચ એન્ડ રેફરલ દ્વારા આ માહિતી આપવામાં આવી છે. મુખર્જીને ૧૦ ઓગસ્ટના રોજ હોસ્પિલમાં દાખલ કરવામાં આવ્યા હતાં. તેમની બ્રેન સર્જરી કરવામાં આવી હતી. તેઓ કોરોના સંક્રમિત થયાં હતાં. બ્રેઈનમાં જામેલા લોહીને બહાર કાઢવા માટે તેમનું બ્રેઈન ઓપરેશન કરવામાં આવ્યું હતું, ત્યારબાદથી જ તેઓ કોમામાં છે. પ્રણવ મુખર્જી ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ છે, પ્રણવદાએ વર્ષ ૨૦૧૨થી ૨૦૧૭ સુધી ભારતના ૧૩મા રાષ્ટ્રપતિ તરીકે પદભાર સંભાળ્યો હતો, આ પહેલા તે કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓમાં સામેલ હતાં.

## ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા:૧૧૦૧

રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૮૬૭૭૯

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુઃ ૧૪

રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૯૭૨

ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૬૯૩૨૯

## બીજી કોરોના વાયરસની રસી બનાવવામાં રશિયા સફળ

મોસ્કો,તા.૨૩

રશિયા એ કહ્યું છે કે તે બીજી કોરોના વાયરસની રસી બનાવવામાં સફળ રહ્યું છે. આ રસીની કોઈ જ આડઅસર નહીં થાય જે પહેલી રસીમાં હતી. અગાઉ રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને જીૅહૌ ફ નામથી કોરોના વાયરસ રસી બનાવ્યાની જાહેરાત કરી હતી. જો કે આ રસીની કેટલીક આડઅસરો માટે રશિયાની આકરી ટીકા કરવામાં આવી હતી. રશિયાએ આ નવી રસીનું નામ EpiVacCorona રાખ્યું છે અને તેને લઈને પણ શંકાના વાદળો ઘેરાઇ શકે છે. અગાઉ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશનએ કહ્યું હતું કે કોઈ પણ કોરોના વાયરસની રસી ૨૦૨૧ પહેલા નહીં આવે. રશિયા સાઇબિરીયામાં સોવિયત યુનિયનના એક ભૂતપૂર્વ ટોપ સિક્રેટ બાયોલોજિકલ હથિયારોના પ્લાન્ટમાં EpiVacCorona રસીનું ઉત્પાદન કરી રહ્યું છે.

વૈજ્ઞાનિકોએ કહ્યું કે આ નવી રશિયન કોરોના વાયરસ રસીનું ક્લિનિકલ ટ્રાયલ સપ્ટેમ્બરમાં પૂરું થઇ ગયું પરંતુ ૫૭ લોકોને જેમને આ રસી આપવામાં આવી હતી તેમને આડઅસર થઈ નથી. તેમણે કહ્યું કે બધા વોલેન્ટિયર ખૂબ સારું મહેસૂસ કરે છે. આ લોકોને ૨૩ દિવસ સુધી હોસ્પિટલમાં રાખવામાં આવ્યા હતા જેથી તેમનું પરીક્ષણ થઈ શકે. ન્યૂઝ એજન્સી ઈન્ટરફેક્સે અહેવાલ આપ્યો છે કે બધા વોલેન્ટિયર સ્વસ્થ છે. હજી સુધી કોઈ આડઅસર જોવા મળી નથી. વોલેન્ટિયર્સને ૧૪ થી ૨૧ દિવસની અંદર બે વાર આ નવી રસીનો ડોઝ આપવામાં આવ્યો હતો. રશિયાને આશા છે કે તે ઓક્ટોબર સુધીમાં રજીસ્ટર્ડ કરાવી શકે છે અને નવેમ્બરમાં તેનું ઉત્પાદન શરૂ થશે. આ રસી વાઈરોલોજી અને બાયોટેકનોલોજીના વેક્ટર સ્ટેટ રિસર્ચ સેન્ટર દ્વારા તૈયાર કરવામાં આવી છે. આ લેબોરેટરી વિશ્વની બે જગ્યાઓમાં સામેલ છે

જ્યાં શીતળાના વાયરસને રાખવાની મંજૂરી છે. બીજી જગ્યા અમેરિકામાં છે. આપને જણાવી દઈએ કે રશિયા દ્વારા કોરોના રસી બનાવવાનો દાવો કર્યા બાદથી વિવાદ પણ શરૂ થયો છે. અમેરિકાથી જર્મની સુધી મોસ્કોની રસી સ્પુતનિક-વી શંકાસ્પદ છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન (ડબ્લ્યુએચઓ) એ પણ રશિયા પાસેથી ઘણા પુરાવા માંગ્યા છે.

## તંત્રી સ્થાનેથી...

# પાકિસ્તાન-સાઉદી અરેબિયાના તણાવ પાછળ માત્ર કાશ્મીર જ જવાબદાર

ગત વર્ષે જ્યારે સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાને પાકિસ્તાનની મુલાકાત લીધી ત્યારે તેમની લોકપ્રિયતા એટલી હતી કે વડા પ્રધાન ઈમરાન ખાન અનુસાર જો તેઓ પાકિસ્તાનથી ચૂંટણી લડે તો સફળ થઈ જાય.જ્યારે મોહમ્મદ બિન સલમાન મુલાકાતે આવ્યા ત્યારે તેમની ઘણી આગતાસ્વાગતા થઈ અને તેઓ બહુ ભાવથી મળ્યા અને પાકિસ્તાનીઓને જણાવ્યું કે તેમને સાઉદી અરેબિયામાં પોતાનો પ્રતિનિધિ ગણે.આ મુલાકાતમાં મુશ્કેલીમાં ઘેરાયેલી પાકિસ્તાનની અર્થવ્યવસ્થા માટે ૨૦ અબજ ડૉલરના કરાર પર હસ્તાક્ષર થયા અને એવું લાગ્યું કે સાઉદી અરેબિયા અને પાકિસ્તાનના ઐતિહાસિક સંબંધોને નવો મુકામ મળી ગયો છે.લગભગ ૧૮ મહિના બાદ ૫ ઑગસ્ટ, ૨૦૨૦માં ભારત પ્રશાસિત કાશ્મીરનો વિશેષ દરજ્જો ખતમ થવાને એક વર્ષ પૂરું થવા પર પાકિસ્તાન જ્યારે 'પ્રતાડિત દિવસ' મનાવી રહ્યું હતું ત્યારે તેમના વિદેશમંત્રી શાહ મહમૂદ કુરૈશીએ એક ખાનગી ન્યૂઝચેનલ 'એઆરવાય' પર એક પ્રોગ્રામમાં વાત કરતાં પબ્લિક પ્લૅટફૉર્મ પર પહેલી વાર સાઉદી અરેબિયાની નીતિ પર ખૂલીને નિરાશા વ્યક્ત કરી.તેઓએ કહ્યું, સાઉદી અરેબિયા અને અમારે સારા સંબંધો છે. આબરૂ અને પ્રેમના સંબંધ છે.પાકિસ્તાની મક્કા અને મદીનાની સુરક્ષા માટે જીવ આપવા તૈયાર છે. આજે હું એ મિત્રદેશને કહી રહ્યો છું કે પાકિસ્તાનના મુસલમાન અને એ પાકિસ્તાનીઓ જે તમારા માટે લડીને મરવા તૈયાર છે, આજે તેઓ તમને કહી રહ્યા છે કે તમે (કાશ્મીર મામલા પર) એ નૃતત્વની ભૂમિકા અદા કરો, જે મુસલમાન તમારી પાસે અપેક્ષા રાખી રહ્યા છે અને જો ન કરી તો હું ઈમરાન ખાનને કહીશ કે હવે રાહ નહીં જોવાય.આપણે આગળ વધવું પડશે. સાઉદી અરેબિયાની સાથે કે તેના વિના.પાકિસ્તાનના વિદેશમંત્રી તરફથી ખુલ્લેઆમ સાઉદી અરેબિયાને ફરિયાદ પર કૂટનીતિકોમાં હોબાળો થઈ ગયો.આ નિવેદનને ન માત્ર સાઉદીમાં પણ પાકિસ્તાનમાં સાઉદી અરેબિયાના સમર્થક જૂથોએ પણ નાપસંદ કર્યું.કેટલાક રાજનીતિજ્ઞો, ન્યૂઝએંકરો અને ધાર્મિક સંગઠનો તરફથી તેને વિદેશમંત્રીનું અંગત મંતવ્યું ગણાવ્યું, તો ક્યાંક તેને વડા પ્રધાન પર અન્ય લૉબીના પ્રભાવનું પરિણામ ગણાવાયું.જોકે વડા પ્રધાન ઈમરાન ખાને કહ્યું કે સાઉદી અરેબિયા સાથે કોઈ મતભેદ નથી અને તેની સાથે મજબૂત ભાઈચારાના સંબંધો બનેલા છે.તેમનું કહેવું હતું કે બધા દેશો પોતાની વિદેશનીતિ અનુસાર નિર્ણયો કરે છે અને સાઉદી અરેબિયાની પણ પોતાની નીતિ છે.વિદેશમંત્રી શાહ મહમૂદ કુરૈશીના આ નિવેદન બાદ પડદા પાછળની કૂટનીતિ હરકતમાં આવી ગઈ.સાઉદી રાજદૂતે સંપર્ક કરવાનું શરૂ કરી દીધું અને સૌથી મહત્ત્વનો સંપર્ક પાકિસ્તાનની ફોજના પ્રમુખ જનરલ કમર જાવેદ બાજવાનો થયો, જેમની સાથે થોડા દિવસ પછી સાઉદી રાજદૂત નવાફ સઈદ-અલ-માલિકીએ રાવલપિંડીમાં પાકિસ્તાનના સેનાના મુખ્યાલયમાં મુલાકાત કરી.વિદેશમંત્રી શાહ મહમૂદ કુરૈશીએ પોતાના નિવેદનમાં ઈસ્લામિક દેશોના સંગઠન ઓઆઈસીની પણ ટીકા કરી, જેના સૌથી મોટી કર્તાહર્તા સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન છે.જ્યારથી કાશ્મીરનો વિશેષ દરજ્જો ખતમ કરાયો છે, પાકિસ્તાન સતત આ મામલે ઈસ્લામિક દેશના સંગઠનના વિદેશમંત્રીઓનું સત્ર બોલાવવાની કોશિશ કરી રહ્યું છે, પરંતુ તેને કોઈ સફળતા મળી નથી.શાહ મહમૂદ કુરૈશીએ કહ્યું, હું ફરી એક વાર ઓઆઈસીને વિનમ્રતાપૂર્વક અનુરોધ કરીશ કે જો તમે વિદેશમંત્રીઓની બેઠક ન બોલાવી શકો, તો હું મજબૂરીમાં અમારા વડા પ્રધાનને કહીશ કે એ મુસ્લિમ દેશ જે કાશ્મીર મામલે અમારા પક્ષે ઊભા રહેવા માગતા હોય અને કાશ્મીરના પંડિતોનો સાથ આપવા માગતા હોય, તેનું સત્ર બોલાવે. પછી તે ઓઆઈસીના ફોરમ પર હોય કે ન હોય.

શાહ મહમૂદ કુરૈશીનો ઈશારો તુર્કી અને મલેશિયા તરફ હતો.ડિસેમ્બર ૨૦૧૯માં એ સમયે મલેશિયાના વડા પ્રધાન મહાતિર મોહમ્મદના કહેવા પર ઈમરાન ખાન કુઆલાલમ્પુર શિખર સંમેલનમાં ભાગ લેવાના હતા.આ સંમેલનમાં તુર્કી, ઈન્ડોનેશિયા, કતાર અને પાકિસ્તાન સમેત ઘણા મુસ્લિમ દેશોના નેતાઓને બોલાવાયા હતા અને એવું લાગતું હતું કે ઓઆઈસીથી હટીને એક વિચાર રાખવા માટે મુસ્લિમ દેશોનો એક મંચ તૈયાર થઈ રહ્યો છે. જેમાં સાઉદી અરેબિયા કેન્દ્રસ્થાને નહીં હોય.પાકિસ્તાને શરૂઆતમાં તો નવા પ્લૅટફૉર્મનું સમર્થન કર્યું હતું, પરંતુ પછી અચાનક ઈમરાન ખાને બેઠકમાં ભાગ લેવાનો ઈન્કાર કરી દીધો હતો.આવું સાઉદી અરેબિયાના દબાણમાં કરવામાં આવ્યું હતું, જે નહોતું ઈચ્છતું કે પાકિસ્તાન જેવો મહત્ત્વપૂર્ણ મુસ્લિમ દેશ પોતાની રાજકીય, રાજદ્વારી અને સૈન્યતાકાત કોઈ અન્યના ખાતામાં નાખે.શાહ મહમૂદ કુરૈશીએ પુષ્ટિ કરી કે કુઆલાલમ્પુર ન જવાનો 'આટલો મોટો નિર્ણય' પાકિસ્તાને સાઉદી અરેબિયાના દબાણમાં આવીને લીધો હતો. સાઉદી અરેબિયાએ દબાણ કર્યું અને અમે મોટું મન રાખીને (મલેશિયાને) સમજાવવાની કોશિશ કરી. હું મહાતિર મોહમ્મદનો આભાર માનું છું, જેઓએ ખોટું ન લગાડ્યું અને એ સમયે પણ તેઓ અમારી મુશ્કેલીઓ અને મજબૂરીઓને સમજી ગયા.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા.૨૪-૮-૨૦૨૦, **સોમવાર**, ભાદરવા સુદ-૬
સૂર્યોદય-૬-૨૮, સૂર્યાસ્ત-૭-૧૧, જૈન નવકારશી-૭-૧૬,
આજની રાશિ : તુલા (ર.ત.), નક્ષત્રઃ સ્વાતિ

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -

૬-૨૮ થી અમૃત-૮-૦૪ સુધી, ૯-૩૯થી શુભ-૧૧-૧૪ સુધી, ૧૪-૨૪ થી ચલ-લાભ-અમૃત-ચલ ૨૦-૩૪ સુધી, ૨૩-૨૪ થી લાભ-૨૪-૪૯ સુધી,

- શુભ હોરા-

૬-૨૮થી ૭-૩૨ સુધી, ૮-૩૫ થી ૯-૩૯ સુધી, ૧૧-૪૬ થી ૧૪-૫૬ સુધી, ૧૫-૫૯થી ૧૭-૦૩ સુધી

# કોરોનાને લઈ કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રીએ કહ્યું- ડિસેમ્બર સુધીમાં આવશે રસી



ન્યુદિલ્હી,તા.૨૩

હાલે દેશ અને દુનિયા કોરોના વાયરસની મહામારી સામે લડી રહી છે અને દુનિયાના અનેક દેશો આ ઘાતક કોરોના વાયરસની દવા અને વેક્સીન શોધવામાં લાગી ગઈ છે. ભારતમાં પણ કોરોનાની રસીને લઈને રિસર્ચ ચાલી રહ્યું છે. ત્યારે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રીએ કોરોના વેક્સિનને લઈને મોટું અને મહત્વનું નિવેદન આપ્યું છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી ડૉ. હર્ષવર્ધન કોરોના વેક્સીન પર મોટું નિવેદન આપ્યું. તેમણે કહ્યું કે, આ વર્ષના અંત સુધીમાં વેક્સીન આવી જશે. તેમણે કહ્યું કે, અમારી એક વેક્સીન ક્લિનિકલ ટ્રાયરના ત્રીજા તબક્કામાં છે. અમને પુરા વિશ્વાસ છે કે આ વર્ષના અંત સુધીમાં એક વેક્સિન વિકસિત કરવામાં આવશે.

આ પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૧૫ ઓગસ્ટના દિવસે લાલ કિલ્લા પરથી કહ્યું હતું કે, દેશના વૈજ્ઞાનિકો કોરોના વેક્સિન વિકસિત કરવામાં લાગેલા છે. ભારતમાં એક નહી, બે નહી, ત્રણ ત્રણ વેક્સિન ટેસ્ટિંગના જુદાં-જુદાં તબક્કામાં છે. વૈજ્ઞાનિકો પાસે જ્યારે લીલીઝંડી મળી જશે તો મોટા પાયે ઉત્પાદન થશે અને તેમની તૈયારપીઓ પણ સંપૂર્ણપણે તૈયાર છે.

ગુજરાતમાં હાલ એક્ટિવ કેસ ૧૪૫૩૮ છે અને ૮૫ દર્દી વેન્ટિલેટર પર છે. છેલ્લા ૨૪ કલાકમાં ગુજરાતના તમામ જિલ્લાઓમાં કોરોનાના નવા કેસ સામે આવ્યા હતા. જેમાં સૌથી વધુ સુરત શહેરમાં ૧૬૬-ગ્રામ્યમાં ૭૨ એમ કુલ ૨૩૮ નવા કેસ નોંધાયા હતા. સુરતમાં હવે કોરોનના કુલ કેસનો આંક ૧૮૩૭૩ થયો છે. અમદાવાદ શહેરમાં ૧૫૭-ગ્રામ્યમાં ૨૨ સાથે કુલ ૧૭૯ નવા કેસ સામે આવ્યા છે. જેની સાથે જ અમદાવાદમાં હવે કોરોનાના કુલ કેસ ૩૦,૦૨૦ થયા છે.

# ડોનાલ્ડ ટ્રમ્પનું એલાનઃ અમે ચીનની સાથે વેપાર જ કરવાના નથી

વોશિંગટન,તા.૨૩

અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ચીનને ધમકી આપી છે. આ વખતે ટ્રમ્પે કહ્યું છે કે જો ચીન અમેરિકાની શરતો માનશે નહીં તો તે સંપૂર્ણપણે ચીન સાથેનો વેપાર બંધ કરી દેશે. જ્યારે ચીન હજુ પણ અમેરિકન વસ્તુની મોટાપાયે ખરીદી કરનાર દેશમાંથી એક છે. એક ઈન્ટરવ્યૂમાં ટ્રમ્પે પહેલાં કહ્યું કે અમે ચીનની સાથે વેપાર જ કરવાના નથી. ત્યારબાદ તેમણે વેપારને તોડવાની વાત કહી. ટ્રમ્પે કહ્યું કે જો ચીને આપણી સાથે યોગ્ય રીતે વ્યવહાર (વ્યાપારિક ખાધની પૂરી ભરપાઇ) ના કર્યો તો હું આમ જ કરીશ.

વાત એમ છે કે ચીન અને અમેરિકા બંને દેશ એકબીજાની સાથે મોટો વેપાર કરે છે પરંતુ તેમાં વ્યાપારિક ખાધ અમેરિકાને ઉઠાવી પડે છે. ડોનાલ્ડ ટ્રમ્પ આ વ્યાપારિક ખોટની ભરપાઇ ઇચ્છે છે. તેમનું કહેવું છે કે ચીન અમારી પાસેથી એટલો સામાન તો ખરીદે જેટલો અમને આપી રહ્યો છે. જો કે બંને દેશોની વચ્ચે ટ્રેડને લઇ જાન્યુઆરીમાં જ સહમતિ બની ગઇ હતી પરંતુ કોરોના વાયરસ ફેલાયા બાદ ટ્રમ્પે બીજા દોરની વાતચીત અને કરારની પ્રક્રિયાને રોકી દીધી હતી અને ચીની સામાન પર ટેરિફ વધારી દીધી હતી.

અમેરિકાના આ પગલાં બાદ ચીને પણ કેટલાંય પગલાં ઉઠાવ્યા છે, ત્યારબાદ બંને દેશોમાં વ્યાપારિક તણાવ ચરમ પર પહોંચી ગયો છે. આ આખા મામલા પર જૂનમાં અમેરિકાના નાણાંકીય વિભાગના સચિવ સ્ટીવ મ્યૂચિન એ કહ્યું કે અમેરિકા-ચીનની વચ્ચે વ્યાપારિક અલગાવથી અમેરિકન કંપનીઓને ખોટ જશે. કારણ કે ત્યારબાદ અમેરિકન કંપનીઓ ચીની અર્થતંત્રમાં સ્પષ્ટપણે વેપાર કરી શકશે નહીં.

# કડક નિયમોની સાથે થશે ફિલ્મો અને ટીવી શૉનું શૂટિંગ, જાહેર થયા નવા દિશા-નિર્દેશ

**નવીદિલ્હી**

કોરોના વાયરસ મહામારીના કારણે ઊભી થયેલી સ્થિતિના સમયમાં એન્ટરટેનમેન્ટ ઈન્ડસ્ટ્રી ના લોકો ધીમે-ધીમે કામ પર લાગી રહ્યા છે. જ્યાં એક તરફ મહિનાઓથી બંધ પડેલી ફિલ્મોનું શૂટિંગ ફરી એકવાર શરૂ થઈ રહ્યા છે, બીજી તરફ ટીવી ધારાવાહિકોના પણ નવા એપિસોડ્સ શૂટ કરવામાં આવી રહ્યા છે.

આ દરમિયાન અનક તકેદારીઓ રાખવામાં આવી રહી છે, પરંતુ ખતરો સતત રહે છે. આ દરમિયાન હવે ફિલ્મો અને ટીવી શૉઝના શૂટિંગ માટે નવા નિયમ જાહેર કરવામાં આવ્યા છે. સૂચના અને પ્રસારણ મંત્રી પ્રકાશ જાવડેકરે ફિલ્મો અને ટેલિવિઝન ધારાવાહિકોનું નિર્માણ ફરી શરૂ કરવાના આશયથી સ્ટાન્ડર્ડ ઓપેરશન પ્રોસીજરની જાહેરાત કરી છે.પ્રકાશ જાવડેકરે આજે એટલે કે ૨૩ ઓગસ્ટે આ નિયમો જાહેર કર્યા છે.

આ દરમિયાન તેઓએ કહ્યું કે, સ્વાસ્થ્ય મંત્રાલય અને ગૃહ મંત્રાલયથી વિચાર-વિમર્શ કર્યા બાદ સ્ટાન્ડર્ડ ઓપેરશન પ્રોસીજરને અંતિમ રૂપ આપવામાં આવ્યું છે. તેઓએ કહ્યું કે, કોરોના વાયરસ સંક્રમણને ધ્યાને લઈ જાહેર કરવામાં આવેલા દિશા-નિર્દેશોના આધાર પર ફિલ્મો અને ટીવી ધારાવાહિકો માટે શૂટિંગ શરૂ કરવામાં આવી શકે છે.

સ્ટાન્ડર્ડ ઓપેરશન પ્રોસીજરની વિગતો શૅર કરતાં તેઓએ કહ્યું કે, કેમેરાની આગળ જે લોકો કામ કરે છે, તેમને બાદ કરતાં બાકી લોકોને માસ્ક પહેરવા અનિવાર્ય હશે. જાવડેકરે આશા વ્યક્ત કરી છે કે સ્ટાન્ડર્ડ ઓપેરશન પ્રોસીજર જાહેર થવાથી ફિલ્મો અને ટેલિવિઝન ધારાવાહિકોના શૂટિંગ ફરી શરૂ થશે ઉપરાંત તેનાથી રોજગાર પણ ઉત્પન્ન થશે. ઉલ્લેખનીય છે કે, સંક્રમણ ફેલાયા બાદ ફિલ્મો અને ટીવી ધારાવાહિકોના શૂટિંગ પર પ્રતિબંધ લાગી ગયો હતો.વાત કરીએ ફિલ્મોના શૂટિંગની તો હાલમાં આમિર ખાન અને અક્ષય કુમાર જેવા અભિનેતાઓએ પોતાના આવનારા પ્રોજેક્ટ્સના શૂટિંગ શરૂ કરી દીધા છે. તેના માટે તેઓ વિદેશ પણ પહોંચી ગયા છે. આ ઉપરાંત અનેક ટીવી શૉઝના શૂટિંગ પણ જરૂરી તકેદારીઓ સાથે શરૂ થઈ ચૂક્યા છે. કપિલ શર્માએ જ્યારે પોતાના શૉનું શૂટિંગ મહિનાઓ બાદ શરૂ કર્યું તો શૉના સેટ પર સેનેટાઇઝેશન, સોશિયલ ડિસ્ટન્સિંગ અને મેડિકલ ચેક-અપ જેવી સાવધાનીઓનો વીડિયો પણ શૅર કર્યો હતો.

વાત કરીએ ફિલ્મોના શૂટિંગની તો હાલમાં આમિર ખાન અને અક્ષય કુમાર જેવા અભિનેતાઓએ પોતાના આવનારા પ્રોજેક્ટ્સના શૂટિંગ શરૂ કરી દીધા છે. તેના માટે તેઓ વિદેશ પણ પહોંચી ગયા છે. આ ઉપરાંત અનેક ટીવી શૉઝના શૂટિંગ પણ જરૂરી તકેદારીઓ સાથે શરૂ થઈ ચૂક્યા છે. કપિલ શર્માએ જ્યારે પોતાના શૉનું શૂટિંગ મહિનાઓ બાદ શરૂ કર્યું તો શૉના સેટ પર સેનેટાઇઝેશન, સોશિયલ ડિસ્ટન્સિંગ અને મેડિકલ ચેક-અપ જેવી સાવધાનીઓનો વીડિયો પણ શૅર કર્યો હતો.

## આવકવેરા વિભાગે ભોપાલમાંથી રૂ.૧૦૫ કરોડથી વધુની ૧૦૦ બેનામી સંપત્તિ મળી

ન્યુ દિલ્હી,તા.૨૩

આવકવેરા વિભાગે ભોપાલમાં દરોડા પાડીને ૧૦૦ બેનામી મિલકતો શોધી કાઢી છે અને તેની બજાર કીંમત ૧૦૫ કરોડ રૂપિયાથી પણ વધારે આંકવામાં આવી છે. આ પૈકી કેટલીક મિલકતો નિવૃત્ત સરકારી અધિકારીઓની છે.સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સિસ(સીબીડીટી)એ મધ્ય પ્રદેશની રાજધાની ભોપાલમાં વિવિધ સ્થળોએ પાડેલા દરોડા દરમિયાન જપ્ત કરાયેલા દસ્તાવેજો પરથી જાણવા મળ્યું છે કે છેલ્લા છ વર્ષમાં આ બેનામી મિલકતો ખરીદવા માટે મોટા પાયે બિનહિસાબી નાણાંનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

આવકવેરા વિભાગની વહીવટી ઓથોરિટી સીબીડીટીએ જણાવ્યું છે કે આ ગ્રુપની મહત્ત્વપૂર્ણ વ્યકિત બંગડીઓની દુકાન ચલાવતો હતો. અન્ય એક વ્યકિત ક્રિકેટ એકેડમી ચલાવતો હતો. બેનામી મિલકતોમાં પ્લોટ, ફ્લેટ અને કૃષિ જમીનનો સમાવેશ થાય છે. અને તેનું બજાર મૂલ્ય ૧૦૫ કરોડ રૂપિયાથી વધારે આંકવામાં આવ્યું છે. આજના દરોડા દરમિયાન ૧.૮ કરોડથી વધુની રોકડ અને જ્વેલરી પણ જપ્ત કરવામાં આવી છે.

# પીએમ મોદીએ શેર કર્યો વીડિયો, મોરને દાણા ખવડાવતા પ્રકૃતિ પ્રેમનો આપ્યો સંદેશ



**નવીદિલ્હી**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો પ્રકૃતિ પ્રેમ એક સોશ્યલ મીડિયા પોસ્ટ દ્વારા સામે આવ્યો છે. પીએમ મોદીએ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર નવી કવિતા પોસ્ટ કરી છે. કવિતાની સાથે-સાથે એક વીડિયો પણ શેર કરવામાં આવ્યો છે. જેમાં પીએમ મોદી મોરની સાથે જોવા મળી રહ્યા છે. જેમાં પીએમ મોદી મોર સાથે જોવા મળ્યા. જેમાં મોદી સવારે મોરને દાણા ખવડાવતા જોવા મળે છે.

તસવીરમાં દેખાતો મોર તેમના મોર્નિંગ વોક દરમિયાન સાથે જ હોય છે. પીએમ મોદી નિયમિત વોક બાદ મોરને દાણા ખવડાવે છે. આ પીએમ મોદીની દિનચર્યામાં સામેલ છે, જેની તસવીર સામે આવી છે.

વીડિયોમાં જોવા મળેલી તસવીર પીએમ મોદીની દિનચર્યાની છે જેમાં તેમને લોક કલ્યાણ માર્ગ સ્થિત પીએમ આવાસ અને તેમના કાર્યાલય સુધીની ગતિવિધિઓ જોવા મળી શકે છે. પીએમ મોદીએ પોતાના આવાસ પર ગ્રામીણ વિસ્તાર જેવા માળખા પણ બનાવ્યા છે જ્યાં પક્ષી પોતાનો માળો બનાવી શકે છે.આ રીતે પીએમ મોદી ઘણીવાર બાળકો સાથે પણ જોવા મળે છે. હજુ તાજેતરમાં મન કી બાતમાં તેમણે હરિયાણામાં પાણી ની ટૉપર કૃતિકા નાંદલ સાથે ફોન પર વાત કરી હતી. આ દરમિયાન પીએમ મોદીએ કૃતિકાને શુભકામના આપવાની સાથે સાથે આગળ વધવાનુ પ્રોત્સાહન આપ્યુ હતુ. પીએમે કૃતિકાને તેમના સંઘર્ષ અને ભણતર વિશે પણ વાત કરી હતી.

# કલમ ૩૭૦ના પુનઃ સ્થાપન પર સંગઠિત થયા કાશ્મીરના તમામ રાજકીય દળ,ચિદમ્બરમે કરી સલામ

**શ્રીનગર**

જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ હટાવવાના મુદ્દાએ ફરી જોર પકડ્યુ છે. અહીંની તમામ મોટી રાજકીય પાર્ટીઓએ કલમ ૩૭૦ની પુનઃસ્થાપના માટે સાથે આવવાનુ એલાન કર્યુ છે. જમ્મુ-કાશ્મીરના રાજકીય દળોએ આનું ઘોષણા પત્ર જારી કર્યુ છે.દળ તરફથી જારી સંયુક્ત નિવેદનમાં કલમ ૩૭૦ અને રાજ્યની પૂર્વ સ્થિતિ પુન સ્થાપિત કરવાની માગ કરવામાં આવી છે. દળની આ ઘોષણાનું કોંગ્રેસ નેતા અને પૂર્વ કેન્દ્રીય મંત્રી પી. ચિદમ્બરમે સ્વાગત કર્યુ છે. તેમણે આ ૬ દળોને સલામ કરી છે જે કેન્દ્ર સરકારના નિર્ણય વિરૂદ્ધ એકઠા થયા છે.ચિદમ્બરમે રવિવારે એક ટ્વીટમાં લખ્યુ, કલમ ૩૭૦ ના પુન સ્થાપન માટે એકત્ર થઈને મુખ્ય પાર્ટીઓની એકતા અને ભાવનાને સલામ. મારી તેમને અપીલ છે કે તેઓ પોતાની માગ માટે દ્રઢતાથી ઉભા રહે. સ્વયંભુ રાષ્ટ્રવાદીઓની ટીકાને નજરઅંદાજ કરે જે ઈતિહાસ વાંચતા નથી પરંતુ ઈતિહાસને બીજીવાર લખવાનો પ્રયત્ન કરે છે. દેશના બંધારણમાં રાજ્યોની વિશેષ જોગવાઈઓના કેટલાક ઉદાહરણ છે. સરકાર જો વિશેષ જોગવાઈઓનો વિરોધ કરશે તો નવા મુદ્દાનો કેવી રીતે ઉકેલ મેળવી શકાશે.કલમ ૩૭૦ના પુનઃ સ્થાપન માટે દળોએ જે ઘોષણા પત્ર બનાવ્યુ છે. તેમાં નેશનલ કોન્ફરન્સના ફારૂક અબ્દુલ્લા, પીડીપીના મહેબૂબા મુફ્તી, જેકેપીસીસીના જી એ મીર, માકપાના એમવાઈ તારીગામી, જે કે પી સીના સજ્જાદ ગની લોન, જેકેએએનસીના મુઝફ્ફર શાહના નામ સામેલ છે.આ દળોના સંયુક્ત નિવેદનમાં કહેવામાં આવ્યુ છે કે કેન્દ્ર સરકારના નિર્ણય બાદથી રાજકીય દળોએ મોટી મુશ્કેલથી બુનિયાદી સ્તરની વાતચીત કરવાનો પ્રયત્ન કર્યો છે. આ બેઠકમાં એક પ્રસ્તાવ પાસ કરવામાં આવ્યો છે. નિવેદનમાં કહેવામાં આવ્યુ છે કે ૫ ઓગસ્ટ ૨૦૧૯ની ઘટનાએ કેન્દ્ર સરકાર અને જમ્મુ-કાશ્મીરના સંબંધોને પૂરી રીતે બદલી દીધા છે.સંયુક્ત નિવેદનમાં કહેવામાં આવ્યુ છે કે આ જમ્મુ-કાશ્મીરના શાંતિ પ્રિય લોકો માટે પરીક્ષાનો સમય છે. પોતાની માગ ઉઠાવવા માટે એક થઈને નેતાઓએ કહ્યુ છે કે આપણે તમામ બંધારણ હેઠળ જમ્મુ-કાશ્મીરનો વિશેષ દરજ્જો પુનસ્થાપન કરવા માટે સામૂહિક રીતે લડવા માટે પોતાની પ્રતિબદ્ધતા બેવડાવે છે.

# ચીનની કોમ્યુનિસ્ટ પાર્ટી આખી દુનિયા માટે ખતરારૂપ છેઃ શિયા

## ચાઈનાની કમ્યુનિસ્ટ પાર્ટીનો ઈરાદો અમેરિકામાં લોકતંત્રની જગ્યાએ પોતાની વ્યવસ્થા લાગુ કરવાનો છે

વોશિંગટન,તા.૨૩

ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગને માફિયા બોસ કહેનાર શિયાએ ફરી એકવાર ચીનની કમ્યુનિસ્ટ પાર્ટી પર મોટો પ્રહાર કર્યો છે. ચીનની પ્રખ્યાત સેન્ટ્રલ પાર્ટી સ્કૂલના ભૂતપૂર્વ પ્રોફેસર અને કોમ્યુનિસ્ટ પાર્ટીના નેતા રહી ચૂકેલા કાઈ શિયાએ કહ્યું કે યુ.એસ.એ હવે ચીન સામે કડક પગલાં બેવડી ગતિએ પગલાં ભરવા જોઈએ. તેમણે કહ્યું કે ચીનની કોમ્યુનિસ્ટ પાર્ટી આખી દુનિયા માટે ખતરારૂપ છે. એક ઈન્ટરવ્યુમાં કાઇ શિયાએ કહ્યું હતું કે તેમણે હુવાવે પર ટ્રમ્પ વહીવટતંત્રની કાર્યવાહીને ટેકો આપ્યો છે. યુએસનું કહેવું છે કે હુવાવે રાષ્ટ્રીય સુરક્ષા માટે ખતરો છે, જયારે ચીની કંપનીએ તેનો ઈનકાર કર્યો છે. તેમણે ચીનના ઉચ્ચ અધિકારીઓ સામે પ્રતિબંધ મૂકવાની અપીલ કરી. તેમણે વિશ્વ સમુદાયને



કમ્યુનિસ્ટ પાર્ટીની 'ઘૂસણખોરી'ને વિશ્વની સંસ્થાઓમાં પ્રવેશ ના કરવા દેવાની અને રાષ્ટ્રપતિ શી જિનપિંગના સર્વાધિકારવાદી મંતવ્યોના પ્રસારને રોકવા માટે એક સાથે આવે.

કાઈ શિયાએ કહ્યું કે

ચાઈનાની કમ્યુનિસ્ટ પાર્ટીનો ઈરાદો અમેરિકાના આધુનિક માનવતાના સ્વતંત્ર અને મુક્ત તથા લોકતંત્ર પર આધારિત વ્યવસ્થાની જગ્યાએ પોતાની વ્યવસ્થાને લાગૂ કરવાનો છે. આપને જણાવી દઈએ કે કાઈ શિયાએ તાજેતરમાં જ આરોપ લગાવ્યો હતો કે શી જિનપિંગ માફિયા બોસ બનવાનો પ્રયાસ કરી રહ્યા છે. ચીનના રાષ્ટ્રપતિની ટીકા કરતો એક ઓડિયો વાયરલ થયા બાદ કાઇ શિયાને પાર્ટીમાંથી હકાલપટ્ટી કરી દેવામાં આવી છે.

# વિજય માલ્યા અને નીરવ મોદી પર બનશે ડોક્યુમેન્ટ્રી સીરીઝ, દેશના ચાર મોટા કૌભાંડનો થશે ખુલાસો

**નવીદિલ્હી**

દેશમાં થયેલા ઘોટાલાને રૂપેરી પડદે ઉજાગર કરવાનું હાલ ટ્રેન્ડ ચાલી રહ્યો છે ૧૯૯૨માં થયેલા સ્ટોક માર્કેટ સ્કેમનો એક વેબ સીરીઝને રિલીઝ કરવાની તૈયારી છે. તો બીજી બાજુ દેશના ચાર મોટા ઉદ્યોગપતિઓની તરફથી થયેલી પૈસાની હેરાફેરીને એક ડોક્યુમેન્ટ્રી સીરીઝ દ્વારા દર્શાવામાં આવશે. આ ડોક્યુમેન્ટરી સીરીઝ, દેશમાં કોર્પોરેટ સેકટરમાં જે ચાર ઘોટાળાના થયા છે તે દર્શાવામાં આવશે.આ સીરીઝના નામ સત્યમ, કિંગફિશર, સહારા અને નીરવ મોદી સ્કેમ છે. તેમજ આ ચોરો ઘોટાળાનો એક સીરીઝમાં સમાવનારી ડોક્યુમેન્ટ્રીનું નામ બેડ બોય બિલેનિયર છે. આ સીરીઝને સપ્ટેમ્બર મહિનામાં રીલીઝ કરવાની યોજના છે. સત્યમ ઘોટાલા વર્ષ ૨૦૦૯માં એક મશહૂર કંપની સત્યમ કોમ્પ્યુટર્સમાં થયો હતો. એ વખતે કંપનીના ચેરમેન બાયરાજુ રામલિંહ રાજુ હતા તેમણે માન્યું હતું કે કંપનીના ખાતાઓમાં ગલત રીતે દેખાડવામાં આવ્યા હતા. જ્યારે કિંગફિશર તંપનીના માલિક વિજય માલ્યા દેશની બેક્રોમાં કુલ નવ હજાર કરોડનો કરજો લઈને ફરાર છે.સહારા ઈન્ડિયા પરિવાર કંપની પર ધોખાખાડીનો કેસ છે. સહારાની બે કંપનીઓ દ્વારા સહારાએ ખોટી રીતે લોકોના પૈસાથી કમાણી કરી હતી. આ સીરીઝમાં ચોથું નામ નીરવ મોદી ઘોટાળા પર છે. નીરવ મોદી હીરાનો વેપારી છે જે અબજોપતિ છે તેણે ખોટાગેરન્ટી કાગળો મેળવીને ભારતીય ઋણદાતાઓ પાસેથી વિદેશી ઋણ લીધા છે જેનો ખુલાસો પંજાબ નેશલ બેક્રે કર્યો હતો.

# બોલીવુડે ભારતને શું આપ્યું છે?

(૧) ગેંગરેપ પર બળાત્કાર કરવાની રીતો.
(૨) લગ્ન કર્યા વગર છોકરા અને છોકરી વચ્ચે શારીરિક સંબંધ બાંધવો.
(૩) લગ્ન દરમિયાન યુવતીને મંડપમાંથી ભગાડવા
(૪) ચોરી, લૂંટની પદ્ધતિ
(૫) ભારતીય સંસ્કારોની મજાક ઉડાવે છે.
(૬) છોકરીઓને ટૂંકા વસ્ત્રો પહેરવાનું શીખવવાપ જેનું નામ ફેશન.
(૭) દારૂ સિગારેટ, હાશીશ, અફીણ કેવી રીતે પીવું અને લાવવું.
(૮) ગુંડાગીરી કરી ને હપ્તા ઉઘરાવવા.
(૯) ભગવાનની મજાક કરવી અને તેનું અપમાન કરવું.
(૧૦) પૂજા- પાઠ, યજ્ઞ દંભ છે!
(૧૧) ભારતીયોને અંગ્રેજી બનાવવા.
(૧૨) ભારતીય સંસ્કૃતિને મૂર્ખ અને પશ્ચિમી સંસ્કૃતિને શ્રેષ્ઠ ગણાવી.
(૧૩) માતા-પિતાને વૃદ્ધાશ્રમમાં મૂકી આવવા.
(૧૪) ગાયના ઉછેરની મજાક ઉડાવવી અને કૂતરાઓને તેમના કરતા શ્રેષ્ઠ ગણવા અને તેમને ઉછેરવાનું શીખવવું.
(૧૫) રોટલી લીલી શાકભાજી ખાવાનું ખોટું છે, પરંતુ રેસ્ટોરાંમાં પીઝા બર્ગર કોલ્ડ ડ્રિંક્સ અને નોન વેજ ખાવાનું વધુ સારું છે.
(૧૬) પંડિતોને જોકરો તરીકે બતાવવા, શિખા રાખવી અથવા યજ્ઞોપવીત પહેરવા મૂર્ખતા છે પણ વાળની ??વિચિત્ર શૈલી (ગજિની) રાખવા અને ક્રોસ પહેરવાનું શ્રેષ્ઠ છે, તમે શિષ્ટ દેખાશો.
(૧૭) શુદ્ધ હિન્દી અથવા સંસ્કૃત બોલવું એ રમૂજની વાત છે અને ઉર્દુ અથવા અંગ્રેજી બોલવું એ શિક્ષિત હોવા ની અને અમીરી બતાવતી બાબત છે ...
(૧૮) જૂની ફિલ્મોમાં કેવા મધૂર ભજનો હતા, હવે તેની જગ્યા અલ્લા / મૌલા / ઇલાહી જેવા ગીતો લઈ રહ્યા છે, અને આપણે હિન્દુ સમાજ પણ હીડા જેવા ગીતોને લાખોની લાઈક પકડવીએ છીએ અને આ ગીતોને ગણગણતા રહીએ છીએ; આનાથી વધુ વ્યંગ્યાત્મક બીજું શું હોઈ શકે ??? આપણા દેશની યુવા પેઢી (ક્ષીહીર્ક્ષિહ) બોલીવુડ અને તેના કલાકારો અને અભિનેત્રીઓને તેમનો આદર્શ માને છે જો આ બોલિવૂડ દેશની સંસ્કૃતિ અને સભ્યતા ને બતાવશે .. તો આ સત્યનો વિશ્વાસ કરો કે આપણી યુવા પેઢી ક્ષીહીર્ક્ષિહ ક્યારેય તેના માર્ગથી ભટકશે નહીંપ

આ પોસ્ટ તે હિન્દુઓ માટે છે કે જેઓ ફિલ્મ જોયા પછી ગળામાં ક્રોસ મુલ્લાની જેમ નાની દાઢી રાખી પોતાને આધુનિક માનતા હોય છે, હિન્દુ યુવાનોની રંગોમાં ધીમું ઝેર મુકાઈ રહ્યું છે.

ફિલ્મ -જેહાદ

જો તમે સલીમ-જાવેદ જોડી દ્વારા લખેલી ફિલ્મો પર નજર નાખો તો, તમે ઘણી વાર ખૂબ જ હોશિયારીથી હિન્દુ ધર્મની મજાક ઉડાવતા અને મુસ્લિમ / ક્રિશ્ચિયન / સાંઈ બાબા ને મહાન બતાવતા જોશો. તેની લગભગ દરેક ફિલ્મમાં એક મહાન મુસ્લિમ પાત્ર અવશ્ય હોય છે અને હિન્દુ મંદિરો અને સંતોની દંભી ઠગ તરીકે તેની મજાક ઉડાવવામાં આવે છે.

'શોલેહ્ણ ફિલ્મમાં, ધર્મેન્દ્ર ભગવાન શિવની આડમાં હેમા માલિનીને પ્રેમની જાળમાં ફસાવવા માંગે છે, તે સાબિત કરે છે કે લોકો છોકરીઓને લલચાવવા માટે મંદિર જાય છે.

આ જ ફિલ્મ માં એ કે હંગલ પાક્કો નમાઝી છે.. તે એમ કહીને પુત્રના શબને છોડીને નમાઝ પઢવા જાય છે કે, "તેને બલિદાન માટે બીજો પુત્ર કેમઆપ્યો નથી?"

'દેવરહ્ણ ના અમિતાભ બચ્ચન નાસ્તિક છે અને જયા ભગવાન સાથે ગુસ્સે થઈ ગીત ગાય છે પણ શેરખાન સાચો વ્યક્તિ છે.

ફિલ્મ 'શાન' માં, અમિતાભ બચ્ચન અને શશીકપુર સાધુના વેશમાં લોકોને વેશપલટો કરે છે, પરંતુ આ ફિલ્મમાં "અબ્દુલ" જેવો સાચો વ્યક્તિ છે જે સત્ય માટે મરે છે.

ફિલ્મ "ક્રાંતિ" માં માતાજી ની ભક્તિ કરનાર રાજા (પ્રદીપ કુમાર) દેશદ્રોહી છે અને દેશ માટે પોતાનો જીવ આપનાર કરિમખાન (શત્રુઘ્ન સિંહા) એક મહાન દેશભક્ત છે.

અમર-અકબર-એન્થોનીમાં, ત્રણેય બાળકોના પિતા, કિશન લાલ ખૂની સ્મગલર છે, પરંતુ તેના બાળકો અકબર અને મુસ્લિમો અને ખ્રિસ્તીઓ એન્થોની ઉછેરનારા મહાન મનુષ્ય છે. આ ફિલ્મ પછી સાંઇ બાબાની મહિમા પણ શરૂ થઈ.

તમને તે પ્રાર્થના પણ યાદ હશે કે જેણે ફિલ્મ "હાથ કી સફાઈ" માં ચોરને મહિમા આપી. એકંદરે તમને તેની ફિલ્મમાં એક હિન્દુ નાસ્તિક અથવા ધર્મનું અપમાનજનક કૃત્ય મળશે અને આની સાથે તમને શેરખાન પઠાણ, ડીએસપી ડીસોઝા, અબ્દુલ, પાદરી, માઇકલ, ડેબીડ, વગેરે જેવા આદર્શ પાત્રો જોવા મળશે. કદાચ તમે પહેલાં ક્યારેય તેના પર ધ્યાન આપ્યું ન હોય, પરંતુ આ સમયે તેને કાળજીપૂર્વક જુઓ.

માત્ર સલીમ / જાવેદ જ નહીં કાદર ખાન, કૈફી આઝમી, મહેશ ભટ્ટ, વગેરેની ફિલ્મોની પણ આવી જ સ્થિતિ છે.

ફિલ્મ ઉદ્યોગને દાઉદ દ્વારા નિયંત્રિત કરવામાં આવે છે. આમાં, ગુનેગારોને ઘણીવાર મહિમા આપવામાં આવે છે અને પંડિતને અપશુકનિયાળ બતાવવામાં આવે છે, ઠાકુરને જાલીમ,વેપારીને વ્યાજ ખોર, સરદાર મૂર્ખ હાસ્ય કલાકાર, વગેરે.

ફરહાન અખ્તર" ની ફિલ્મ "ભાગ મિલખા ભાગ" માં "હવન કરેગા" નો અર્થ શું હતો? ભગવાન ને રોંગ નંબર" હ્દ્ર માં કહેનારા આમિર ખાન ક્યારેય અલ્લાના રોંગ નંબર કે ૭૮૬ પર ફિલ્મ બનાવશે? હું માનું છું કે આ બધું માત્ર સંયોગ નથી, પરંતુ એક વિચારશીલ કાવતરા હેઠળ, એક યુક્તિ છે. દુખની વાત છે કે જો આપણે આ પોસ્ટ વાંચીને કરીશું તો કંઈ નહીં પણ શેર કરવાની મુશ્કેલી પણ નહીં લઈએ..

(મૂળ હિન્દી પોસ્ટ નો ગુજરાતી અનુવાદ)

# આઈસીસી હોલ ઓફ ફેઈમમાં કાલિસ, જહીર અબ્બાસ અને લીસા સ્થાલેકર સામેલ




**નવીદિલ્હી**

આઈસીસી હોલ ઓફ ફેમ ૨૦૨૦: આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલ એ હોલ ઓફ ફેમની જાહેરાત કરી દીધી છે. સાઉથ આફ્રિકાના દિગ્ગજ ઓલરાઉન્ડર જેક કાલિસ સહિત ત્રણ ખેલાડીઓને આ ખિતાબ મળ્યો છે. આ ત્રણ દિગ્ગજોમાં એક મહિલા ખેલાડીને પણ આઈસીસી હોલ ઓફ ફેમ ૨૦૨૦મા સ્થાન આપવામાં આવ્યું છે. આઈસીસીએ કાલિસ સિવાય પાકિસ્તાની દિગ્ગજ ઝહીર અબ્બાસ અને ઓસ્ટ્રેલિયાની મહિલા ક્રિકેટર લીસા સ્થેલેકરને હોલ ઓફ ફેમમાં સામેલ કર્યા છે. આઈસીસીએ પોતાના સત્તાવાર ટ્વીટર હેન્ડલ પર આ વાતની જાહેરાત કરી છે કે આઈસીસી હોલ ઓફ ફેમ ૨૦૨૦ના વિજેતા જેક કાલિસ, ઝહીર અબ્બાસ અને લીસા છે. આઈસીસી હોલ ઓફ ફેમ ૨૦૨૦ની જાહેરાત વેસ્ટ ઈન્ડિઝના એલાન એલન વિલકિન્સ, સુનીલ ગાવસ્કર અને મેલ જોન્સે કરી છે. આઈસીસી હોલ ઓફ ફેમ એવોર્ડની શરૂઆતને હજુ વધુ સમય થયો નથી, પરંતુ ૯૦ ખેલાડીઓને આ સન્માન આઈસીસી તરફથી આપવામાં આવી ચુક્યું છે. પાછલા વર્ષે ક્રિકેટના ભગવાન સચિન તેંડુલકરને આઈસીસી હોલ ઓફ ફેમમાં સામેલ કરવામાં આવ્યા હતા. માત્ર પુરૂષ જ નહીં, પરંતુ મહિલા ક્રિકેટરોને પણ આ સન્માન આપવામાં આવે છે.

જેક કાલિક વિશ્વનો પ્રથમ એવો ક્રિકેટર છે, જેણે વનડે અને ટેસ્ટ ક્રિકેટમાં ૧૦-૧૦ હજારથી વધુ રન અને ૨૦૦-૨૦૦થી વધુ વિકેટ ઝડપી છે. ઝહીર અબ્બાસની વાત કરીએ તો તેમણે ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં ૧૦૦ સદી ફટકારી છે, જ્યારે સતત પાંચ આંતરરાષ્ટ્રીય મેચોમાં સદી ફટકારનાર વિશ્વના એકમાત્ર ખેલાડી છે. તો લીસા ૪ વખત વિશ્વકપ (બે ટી૨૦ અને બે વનડે) વિજેતા છે, જ્યારે વિશ્વની પ્રથમ એવી મહિલા ક્રિકેટર છે, જેણે વનડે ક્રિકેટમાં ૧૦૦૦ રન અને ૧૦૦ વિકેટ ઝડપી હતી. બેટિંગ ઓલરાઉન્ડર જેક કાલિસે ૧૪ ડિસેમ્બર ૧૯૯૫ના ઈંગ્લેન્ડ વિરુદ્ધ પોતાનું ટેસ્ટ પર્દાપણ કર્યું હતું. આ પ્રવાસ પર જાન્યુઆરી ૧૯૯૬મા વનડે ક્રિકેટમાં પર્દાપણ કર્યું હતું. કાલિસ ૧૯૯૫થી ૨૦૧૪ સુધી સાઉથ આફ્રિકન ટીમનો સભ્ય હતો. જેક કાલિસે પોતાના દેશ માટે ૧૬૬ ટેસ્ટ મેચ રમી છે. આ મેચોની ૨૮૦ ઈનિંગમાં તેણે ૧૩૨૮૯ રન બનાવ્યા છે, જેમાં ૪૫ સદી અને ૫૮ અડધી સદી સામેલ છે. ટેસ્ટ ક્રિકેટમાં બોલર તરીકે તેણે ૨૯૨ વિકેટ પોતાના નામે કરી હતી. ૨૩ વખત ટેસ્ટ મેચોમાં તેને પ્લેયર ઓફ ધ મેચનો એવોર્ડ મળ્યો છે, જે એક રેકોર્ડ છે. વનડે આંતરરાષ્ટ્રીય કરિયરની વાત કરીએ તો કાલિસે ૩૨૮ મેચોની ૩૧૪ ઈનિંગમાં ૫૩ વખત અણનમ રહેલા ૧૧૫૭૯ રન બનાવ્યા છે. વનડે ક્રિકેટમાં તેણે ૧૭ સદી ફટકારી છે, જ્યારે ૮૬ વખત ૫૦થી વધુ રન બનાવ્યા હતા. એક બોલર તરીકે વનડેમાં પણ કાલિસ સફળ ખેલાડી રહ્યો છે. તેના નામે એકદિવસીય મેચમાં ૨૭૩ વિકેટ નોંધાયેલી છે. જ્યારે ૨૫ ટી૨૦ આંતરરાષ્ટ્રીયમાં તેણે ૬૬૬ રન બનાવ્યા અને ૧૨ વિકેટ ઝડપી હતી. કાલિસ આજે પણ આફ્રિકા માટે ટેસ્ટ અને વનડે ક્રિકેટમાં સૌથી વધુ રન બનાવનાર બેટ્સમેન છે.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર સાહિત્ય વિભાગ.આયોજક - સંચાલન એડમીન ટીમ.

ન્યુઝ ઓફ ગાંધીનગર.



ન્યુઝ ઓફ ગાંધીનગર સાહિત્ય વિભાગમાં દરેક સ્પર્ધકનું સ્વાગત છે"

પદ્ય વિભાગ

1)NG NO-0010
દીપ્તિ પટેલ "શ્રી કૃપા"
શીર્ષક-પદ્મ

2}NG NO-0037
હેમલતા ટી દિવેચા
શીર્ષક-કમળ

3)NG NO-0051
ઉર્વશી મહેતા
શીર્ષક-ગૂંથાય વેલીઓ પદ્મની ડાળ રે

4}NG No-0016
જયેશ ઓઝા
શીર્ષક-મા ભગવતીની સ્તુતિ

5)NG NO-0028
ઝરણારાજા "ઝારા"
શીર્ષક-પદ્મ

6) NG No-0039
પ્રફુલ્લાબેન પ્રસન્ના
શીર્ષક-પદ્મ

-----------------------------------

ગદ્ય વિભાગ

1}NG NO-0043
મૈત્રી ઉપાધ્યાય
શીર્ષક-પદ્મ(લેખ)

2}NG NO --0044
વિભૂતિ દેસાઈ ઘાસવાલા
શીર્ષક - પદ્મ

વિજેતા મિત્રોને ખૂબ ખૂબ અભિનંદન
એડમિન પેનલ

-----------------------------------

ગદ્ય

૧) ન્યૂઝ ઓફ ગાંધીનગર
NG NO:0043
વિભાગઃ ગદ્ય (લેખ)
શીર્ષકઃ પદ્મ

આપણી ગુજરાતી ભાષા એટલી બધી અદ્દભુત છે કે એક જ શબ્દના કેટકેટલા નામ અને અનેક ઉપયોગ.આજે એવા જ એક શબ્દની વાત કરીએ પદ્મ.

પદ્મ એટલે કમળ,પંકજ,નલિની.એક પુષ્પ જેના કેટકેટલાય નામ.પદ્મ તો પુષ્પ સ્વરૂપે છે.જેનું હિન્દુ સંસ્કૃતિમાં એક અનોખું જ મહત્વ છે. આમ તો ઘણા બધા એવા પુષ્પો છે કે જે ઈશ્વરને સમર્પિત કરી શકાય છે, પણ આ પદ્મ એક એવું પુષ્પ છે જે દરેક દેવી-દેવતાઓને પ્રિય છે.

આ સૃષ્ટિના રચયિતા બ્રહ્માજી પણ ખુદ આ પદ્મ પર બિરાજમાન છે. મા લક્ષ્મી જે "ધનના દેવી" તરીકે જાણીતા છે.?તેમની પૂજા તો પદ્મ વગર અધુરી છે. વિષ્ણુજીને પણ કમળ અતિ પ્રિય હોવાથી તેમને "કમલાપતિ" પણ કહેવાય છે.

વિશેષમાં કહીએ તો કમળકાકડી જે પદ્મમાંથી જ પ્રાપ્ત થાય છે તેનો પણ ધાર્મિક વ્રતમાં ખૂબ જ ઉપયોગ થાય છે.

કેટલું અજીબ છે કે," આ પદ્મ ખીલે છે કાદવમાં પણ પૂજાય છે ગંગાજળમાં".
"પદ્મનો પ્રેમ પાંદડીમાં ખીલ્યો,
એ જ કાદવના પુષ્પને મનુષ્યે પૂજ્યો".

મૈત્રી ઉપાધ્યાય અમદાવાદ

-----------------------------------

2) N.G/0044
વિભાગઃ- ગદ્ય.
શીર્ષકઃ-પદ્મ?

દીકરી જન્મી,પદ્મ જેવા હાથ જોઈ પિતાએ નામ રાખ્યું પદ્મજા.પદ્મજા મોટી થતાં પિતા કહેતા," પદ્મ કાદવમાં રહીને કાદવથી અલિપ્ત છે.કાદવમાં ઉગતું હોવા છતાં પ્રભુને પ્રિય છે.મા લક્ષ્મીજી એમાં બિરાજે છે.દીકરી તું પણ આ સંસારમાં સ્થિતપ્રજ્ઞ રહી તારું નામ પદ્મજા ઉજાળજે આને સૌની પ્રિય બનજે."

પદ્મજા ખૂબ ભણીને કલેક્ટર બની.મોટા વેપારીઓ, ગુંડાઓ પોતાનું કામ કરાવવા જાતજાતના પ્રલોભનો આપે પરંતુ પદ્મજા મક્કમતાથી, કરડાકીથી નાં પાડે.બીજી વાર કોઈ આવા પ્રલોભનો લઈને આવવાની હિંમત જ ન કરે.

"મને કામ કરવાનો પગાર મળે છે અને મારે પ્રજાના કામ કરવાનાં." આ મંત્ર આત્મસાત કરેલો.એનાં અનુશાસનમાં ફટાફટ કામ થાય.કોઈ કામમાં ઘાલમેલ નહીં કે નહીં કોઈ મામા માસીનું, બધાજ સરખા. ભ્રષ્ટાચાર બંધ થયો. ગુંડાઓની દાદાગીરીથી ત્રાસેલી પ્રજા શાંતિથી રહેવા માંડી.દારૂના અડ્ડા બંધ થતાં મહિલાઓને મારપીટથી છૂટકારો મળ્યો અને પૈસા બચતા થયા.અધર્મીઓથી આ કેમ સહન થાય? પદ્મજા પર હુમલો કર્યો પરંતુ સમયસૂચકતા વાપરી પોતાને બચાવી, અધર્મીઓને ભોંય ભેગા કર્યા.

પદ્મજા પોતાની હોશિયારીથી આગળ વધતી ગઈ.પ્રજા ખુશ.ચાહક વર્ગ વધતો ગયો.

પ્રજાને થયું કે દેશમાંથી ભ્રષ્ટાચાર, અરાજકતા,ગુંડાતત્વ દૂર કરવા આવી વ્યક્તિની જરૂર છે.કેટલાક આગેવાનો ચૂંટણીનો પ્રસ્તાવ લઈને ગયા.નોકરીનાં પાંચેક વર્ષ બાકી હતા રાજીનામું આપી ચૂંટણીમાં ઝંપલાવ્યું.જંગી બહુમતીથી જીતી ગઈ.

બહોળો પ્રજા વર્ગ એવું ઇચ્છે કે પદ્મજા જ વડાપ્રધાન બનવી જોઈએ.

અંતે પદ્મજાને વડાપ્રધાન બનવાનો મોકો મળ્યો. વડાપ્રધાન બનતા જ તંત્રમાં ધરમૂળથી ફેરફાર કરવા માંડ્યા.

આપણે પ્રજાનાં સેવકો છે,સેવા કરવા આવ્યા છે નહીં કે મેવા ખાવા એટલે જ રહેવા માટે વિશાળ બંગલા,મફત સવલતોની શું જરૂર છે? કહી હંમેશ માટે ધારાસભ્યો, સાંસદો, નેતાઓ, વિવિધ ક્ષેત્રે ચેરમેનો વગેરેને મળતા લાભો, પેન્શન બધું જ ઠરાવ પસાર કરી બંધ કરાવ્યું.જાતિ આધારિત અનામત કાયદો પણ નામશેષ કર્યો. કંઈ કેટલા સુધારા પ્રજાના હિતમાં કર્યા.

સાચા અર્થમાં પદ્મજા પ્રજાની કલ્યાણી બની, પોતાનું નામ સાર્થક કર્યું.

વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.

-----------------------------------

એડમીન પેનલ - પ્રદીપ રાવલ (તંત્રી/ માલિક) (M-9824653073)
નિર્ણાયકશ્રી-જયશ્રી પટેલ,વંદના વાણી
સહ નિર્ણાયક - આરતી મર્ચન્ટ ,આરતી રામાણી
સંચાલક - જીજ્ઞા કપુરિયા
સહ સંચાલક - મનીષ વોરા
સંપર્ક : Email : prdpraval42@gmail.com

-----------------------------------

નોધ :- ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક પ્રસિદ્ધ સાહિત્ય વિભાગ ના આયોજક,આયોજન,સંચાલન હવે પછી સાહિત્ય વિભાગ ગ્રુપ એડમિન કરશે.કોઈપણ લખાણ કે વ્યક્તિગત વાદ વિવાદ જવાબદાર એડમીન ટીમ રહેશે.તંત્રી ક્યાંય પણ કોઈપણ લખાણ કે ગ્રુપ મેમ્બરોને લગતા વાદ વિવાદ ને જવાબદાર નથી.જે સર્વે આં ગ્રુપ ના મેમ્બર નોધ લેવી ..તંત્રી : પ્રદીપ રાવલ

# અમદાવાદ : ગુનાની દુનિયાના જય-વીરૂ પકડાયા, ૨૦થી વધુ ચોરી આચરી ચુક્યા છે આ ચેઈન સ્નેચર્સ

**અમદાવાદ**

ફિલ્મી જગતમાં જય અને વિરુની જોડી ખૂબ પ્રચલિત છે ત્યારે આવી જ એક જોડી અમદાવાદની ગુનાની દુનિયામાં પણ ફેમસ છે. આવા જ જય અને વિરુને દરિયાપુર પોલીસે ચેઈન સ્નેચિંગ અને વાહન ચોરીના ગુનામાં પકડ્યા છે. બને શખ્સોએ એ વર્ષ ૨૦૦૪થી જ ગુનાને અંજામ આપવાનું શરૂ કર્યું હતું અને ચોરીના મુદ્દામાલથી જુગાર રમતા અને મોજશોખ પુરા કરતા હતા.સીસીટીવીમાં સ્પોર્ટી બાઈક પર બે શખ્સો પૂરઝડપે આવી અને નીકળતા નજરે પડી રહ્યા છે. આ સીસીટીવી અમદાવાદ ના વટવા જીઆઈડીસી વિસ્તારના છે અને આ બને શખ્શો ગુનાની દુનિયામાં જય વિરુ ના નામથી ઓળખાય છે.જેમના સાચા નામ છે શાહિદ કુરેશી અને નવાઝ ઉર્ફે ઝીણીયો પઠાણ છે. સીસીટીવી માં દેખાતા આ બને શખ્શો ચેઈન સ્નેચિંગ કરીને ભાગી રહ્યા છે. સેકન્ડો માં જ આ જય અને વિરુ મહિલાઓના ગળામાંથી લાખોની કિંમતના ગાડીના તફડાવી ફરાર થઈ જાય છે. જેને હાલ દરિયાપુર પોલિસે ઝડપી લીધા છે.આ બંને આરોપીઓ પહેલાં વાહન ચોરતા અને બાદમાં તે જ વાહન પર જઈને ચેઈન સ્નેચિંગ કરી ૧૨૦ ની સ્પીડે બાઈક દોડાવી ફરાર થઈ જતા હતા.

અત્યાર સુધીમાં આ બને આરોપીઓ ૨૦થી વધુ ગુના આચરી ચુક્યા છે. જય અને વિરુ વર્ષ ૨૦૦૪ થી જ વાહન ચોરી કરતા હતા.બંને લોકોએ વાહન ચોરી કર્યા બાદ ચેઈન સ્નેચિંગના ગુના આચરવાનું શરૂ કર્યું હતું. આ બને આરોપીઓ દરિયાપુરમાં પણ એક જ વિસ્તારમાં રહે છે અને જુગાર રમવા માટે તથા મોજશોખ પૂરા કરવા આ ગુનાને અંજામ આપતા હતા. અત્યારસુધીમાં પાલડી, ઘાટલોડિયા, ઓઢવ, આનંદનગર, વસ્ત્રાપુર, નવરંગપુરા, એલિસબ્રિજ, યુનિવર્સિટી, મણિનગર, કાલુપુર, સરદાર નગર, હવેલી, કાગડાપીઠ, વાડજ, શાહીબાગ, ઈસનપુર જેવા શહેરના તમામ વિસ્તારોમાં આતંક મચાવી ચુક્યા છે.૨૦ ગુનામાં પકડાયેલા આ બને ની બે વાર પાસા પણ થઈ ચૂકી છે. આ બને આરોપીઓની પૂછપરછ માં એવું સામે આવ્યું છે કે સહેજાદ નામના વ્યક્તિને ચોરીનો મુદ્દામાલ વેચી દેતા હતા. તાજેતરમાં જીઆઈડીસીમાં જે ચેઈન લૂંટી હતી તેના ૪૧ હજાર રૂપિયા પણ તેઓને મળ્યા હતા અને તેનો જુગાર રમીને વાપરી નાખ્યા હતા. ત્યારે વધુ પૂછપરછમાં અનેક ભેદ ઉકેલાય તેવી પણ શકયતા રહેલી છે.

# બિહાર ચૂંટણી ભાજપ, જેડીયુ, અને એલજેપી મળીને લડશેઃ જેપી નડ્ડા

ન્યુ દિલ્હી,તા.૨૩

બિહારમાં વિધાનસભા ચૂંટણીને લઇ રાજકીય પાર્ટીઓ તૈયારીમાં લાગી ગયું છે. આ બધાની વચ્ચે બિહાર ભાજપ પ્રદેશ કાર્યસમિતિની બેઠક યોજાઇ. વર્ચુઅલ રીતે યોજાયેલ બેઠકમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા પણ સામેલ થયા. જેપી નડ્ડાએ કહ્યું કે બિહાર ચૂંટણી ભાજપ, જેડીયુ, અને એલજેપી મળીને લડશે. સાથો સાથ તેમણે કહ્યું કે નીતીશ કુમારના નેતૃત્વમાં બિહાર વિધાનસભા ચૂંટણી લડાશે. બિહાર પ્રદેશ કાર્યસમિતિની બેઠકમાં જેપી નડ્ડાએ કહ્યું કે જયારે પણ ભાજપ, એલજેપી અને નીતીશ કુમાર સાથે આવ્યા છે, અમારી જીત થઇ છે. અમે ત્રણેય પાર્ટીઓ મળી ચૂંટણી લડીશું અને જીતીશું.

ભાજપની સાથે એનડીએના સહયોગી દળ જનતા દળ યુનાઇટેડ અને લોક જનશક્તિ પાર્ટીની પણ ચૂંટણીમાં જીત થાય. સાથો સાથ નડ્ડાએ કહ્યું કે નીતીશ કુમારના નેતૃત્વમાં બિહાર વિધાનસભા ચૂંટણી લડવા જઇ રહ્યા છે. જેપી નડ્ડાએ કહ્યું કે બિહારમાં અત્યારે લોકડાઉન છે. આથી ૬ સપ્ટેમ્બર બાદ તેઓ બિહાર ચોક્કસ જશે. જેપી નડ્ડાએ ભાજપના પોતાના સહયોગી દળોને પણ જીત અપાવી પડશે. આથી તેમણે પોતાની તાકાત લગાવી પડશે. ભાજપને પોતાના સહયોગી દળોને પણ શક્તિ અને તાકાત આપવાની છે. કોરોના સંક્રમણ કાળમાં ચૂંટણી થવાની છે અને આ એક ખૂબ મોટો પડકાર છે. કાર્યસમિતિની બેઠકને સંબોધિત કરતાં બિહાર ભાજપના પ્રભારી ભુપેન્દ્ર યાદવે પણ આગામી ચૂંટણીને લઇ ભાજપને નવો નારો આપ્યો. ભુપેન્દ્ર યાદવે કહ્યું કે 'ભાજપ હૈ તૈયાર, આત્મનિર્ભર બિહાર' નારાની સાથે ભાજપ આ વખતે બિહાર વિધાનસભા ચૂંટણી લડશે.

# પાકિસ્તાને માત્ર ૨૪ જ કલાકમાં મારી પલટી કહ્યું- દાઉદ અમારી જમીન પર નથી

ઈસ્લામાબાદ,તા.૨૩

પાકિસ્તાને શુક્રવારે કબૂલાત કરી હતી કે અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમ તેની જમીન પર છે. પરંતુ તેને પોતાની વાતને પલટાવવાની જૂની આદત છે અને આ વખતે પણ તેણે આવું જ કર્યું છે. ૨૪ કલાકમાં જ પાકિસ્તાને દાઉદ ઈબ્રાહિમની હાજરીને સત્તાવાર રીતે નકારી દીધી છે. પાકિસ્તાને કહ્યું છે કે દાઉદ ઈબ્રાહિમ તેની ધરતી પર નથી. મીડિયા અહેવાલો પર પ્રતિક્રિયા આપતા પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે એક નિવેદન બહાર પાડીને દાઉદની પાકિસ્તાનમાં હાજરીને નકારી કાઢી હતી. પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે કહ્યું કે કેટલાક અહેવાલોમાં એવું કહેવામાં આવી રહ્યું છે કે પાકિસ્તાન નવા પ્રતિબંધો લાદી રહ્યું છે.

આ અહેવાલ ખોટો છે અને તેમાં કોઈ સત્ય નથી. મંત્રાલયે કહ્યું કે ભારતીય મીડિયામાં એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે પાકિસ્તાને તેની જમીન પર કેટલાક લિસ્ટેડ લોકો (દાઉદ ઈબ્રાહિમ)ની હાજરી સ્વીકારી છે. આ દાવો પણ પાયાવિહોણા અને ભ્રામક છે. વાત એમ છે કે ફાઈનાન્સિયલ એક્શન ટાસ્ક ફોર્સ ના ગ્રે લિસ્ટથી બચવા માટે પાકિસ્તાને ૮૮ આતંકવાદી સંગઠનો અને તેમના આકાઓની યાદી બહાર પાડી. તેમાં તેમના પર પ્રતિબંધ મૂકવાનો દાવો કર્યો હતો. આ યાદીમાં દાઉદ ઈબ્રાહિમનું નામ પણ સામેલ છે. આમ કરીને પાકિસ્તાને સ્વીકાર્યું છે કે ભારતનો ગુનેગાર તેમની ધરતી પર છે.

# એસબીઆઈએ શરૂ કરી નવી એટીએમ સર્વિસ, એક વોટ્સઅપ મેસેજ કરવા પર તમારા ઘરે પહોંચી જશે કેશ

**નવીદિલ્હી**

કોરોના સંકટ વચ્ચે સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાએ પોતાના ગ્રાહકો માટે નવી એટીએમ સર્વિસ શરૂ કરી છે. આ હેઠળ તમારે માત્ર એસબીઆઈને વોટ્સઅપ મેસેજ અથવા કોલ કરવાનો છે અને એક મોબાઈલ એટીએમ તમારા બતાવેલા લોકેશન પર પહોંચી જશે. એસબીઆઈએ આને ડોરસ્ટેપ એટીએમ સર્વિસ નામ આપ્યું છે. દેશની સૌથી મોટી બેંકે આ સુવિધા પોતાના ગ્રાહકોને કોરોના વાયરસથી બચાવી રાખવા અને સોશિયલ ડિસ્ટન્સિંગ અકબંધ રાખવા માટે શરૂ કરી છે.

એસબીઆઈના લખનઉ સર્કિલના ચીફ જનરલ મેનેજર અજયકુમાર ખન્નાએ જણાવ્યું કે, એસબીઆઈ ડોરસ્ટેપ એટીએમ સર્વિસ ઉત્તર પ્રદેશની રાજધાની લખનઉથી શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તેમણે જણાવ્યું કે, લખનઉમાં આ સેવા ૧૫ ઓગસ્ટથી શરૂ કરવામાં આવી છે. હવે એસબીઆઈ ગ્રાહકોએ માત્ર વોટ્સઅપ મેસેજ કરવાનો છે અથવા કોલ કરવાનો છે. ત્યારબાદ બધી અમારી જવાબદારી.

એસબીઆઈએ એટીએમમાંથી પૈસા ઉપાડવાના નિયમોમાં ફેરફાર કર્યો છે, જે જુલાઈ ૨૦૨૦થી લાગુ થઈ જશે. એસબીઆઈની મોટાભાગની વેબસાઈટ પર આપવામાં આવેલી જાણકારી અનુસાર, બેંકે મેટ્રો સિટીમાં સેવિંગ એકાઉન્ટ હોલ્ડર્સને એક મહિનામાં ૮ ફ્રી ટ્રાન્જેક્શનની છૂટ આપી છે. તેમાંથી ૫ ટ્રાંજેક્શન એસબીઆઈના એટીએમ અને ૩ કોઈ પણ અન્ય બેંકના એટીએમમાંથી કરી શકાશે. નોન-મેટ્રો સિટી માટે આ છૂટ ૧૦ ટ્રાંજેક્શનની કરી દેવામાં આવી છે. તેમાં ૫ એસબીઆઈ એટીએમ અને ૫ ટ્રાન્જેક્શન કોઈ અન્ય બેંકના એટીએમમાંથી કરી શકાશે.દેશની સૌથી મોટી બેંક પોતાના ગ્રાહકો માટે ઘરના દરવાજા સુધી બેંકિંગ સર્વિસ પહોંચાડે છે. બેંકની ડોરસ્ટેપ ડિલિવરી સર્વિસ હેઠળ ગ્રાહકોના ઘર સુધી રોકડ રકમ પહોંચાજવામાં આવશે. હાલમાં આ સેવા વરિષ્ઠ નાગરીકો અને દિવ્યાંગો માટે ઉપલબ્ધ છે.

### અરવલ્લીમાં મેઘતાંડવ

# મોડાસા સહીત જીલ્લાના નીચાણવાળા રહેણાંક વિસ્તારો જળબંબાકાર,અમદાવાદ-ઉદેપુર હાઈવે પર પાણી ફરી વળ્યું





મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

સમગ્ર રાજ્યમાં ધમધોકાર વરસાદ વરસી રહ્યો છે.જેમાં સૌથી વધુ અરવલ્લીનાં જીલ્લામાં મેઘરાજાની ધુંઆધાર બેટીંગ શરૂ કરતાં ચોમેર જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. આ ભારે વરસાદને લઈ મોડાસા શહેરના જાહેર માર્ગો અને નીચાણવાળા વિસ્તારોમાં ઘુંટણસમા પાણી ભરાઈ જતા લોકો મુશ્કેલીમાં મુકાયા હતા.મોડાસા શહેરની કેદારનાથ સોસાયટીમાં વરસાદી પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થાના અભાવે પાણી ફરી વળતાં લોકોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો નગરપાલિકાની અણ આવડતના લીધે અન્ય સોસાયટીના પાણી ભુગર્ભ ગટરમાં જવાનો બદ્લે બેક મારતા સોસાયટી બેટ વિસ્તારમાં ફેરવાઈ હોવાનો સોશ્યલ મીડિયામાં જાગૃત યુવકોએ ઉભરો ઠાલવ્યો હતું અમદાવાદ-ઉદેપુર ને.હા.નં-૮ પર શામળાજી નજીક ડુંગરો પરથી પાણી ઉતરતા પાણી ફરી વળતાં વાહનવ્યવહારને ભારે અસર થઈ હતી શામળાજી-ગોધરા રાજ્ય ધોરીમાર્ગ પણ પાણીથી તરબોળ બન્યો હતો જીલ્લામાં વહીવટી તંત્ર આફત સામે સજ્જ બન્યું છે જીલ્લામાં એનડીઆરએફ ટીમ તૈનાત કરી દીધી છે .અરવલ્લી જીલ્લામાં ભિલોડા તાલુકામાં સતત વરસતા વરસાદે ભારે તબાહી સર્જી છે સતત ત્રીજા દિવસે વરસાદ યથાવત રહેતા ભિલોડાના સાનિધ્ય નગર બંગ્લોઝ, શાંતિનગર,અન્નપુર્ણા સોસાયટી ,ગોવિંદનગર,નવા ભવનાથ,મસ્જીદ પાસે ઢીચણ સુધી પાણી ભરાયા હતા ભિલોડા પંથકના ૧૦ થી વધુ ગામો ભારે વરસાદના પગલે સંપર્ક વિહોણા બન્યા હતા હાથમતી અને બુઢેલી નદીના કિનારે આવેલ જમીનોનું ધોવાણ થતા ખેડૂતો પાયમાલ બન્યા છે રોડ રસ્તાઓનું પણ ધોવાણ થતા વાહનચાલકો ભારે હાલાકી ભોગવવી પડી રહી છે . ધનસુરા સહીત સમગ્ર પંથકમાં ૭ ઈંચ વરસાદ ખાબકતા નીચાણવાળા વિસ્તતરો બેટમાં ફેરવાયા હતા ધનસુરાની મલપુર ચોકડી નજીકના રહેણાંક વિસ્તારોમાં મકાનોમાં પાણી ઘૂસી જતાં લોકો જીવ બચાવવા ઉંચાણ વાળા સ્થળે દોડી ગયા હતા રહેણાંક મકાનો આગળ બાંધેલ ઢોર-ઢાંખર પાણીમાં ઘરકાવ થઈ જતા ભારે દેકારો મચી ગયો હતો ખેતરોમાં પાણી ફરી વળતા ખેતીને પણ પારાવાર નુકશાન થવાનો ભય પેદા થતા ખેડૂતો ચિંતિત બન્યા હતા જીલ્લાના મેઘરજ,માલપુર અને બાયડ પંથકમાં શ્રી કાર વર્ષથી ખેડૂતોમાં આનંદ છવાયો છે સતત વરસી રહેલા વરસાદથી કુવાના તળ ઊંચે આવ્યા હતા જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં કેટલાક તળાવ છલકાયા હતા તો અન્ય તળાવોમાં નવા નીર આવ્યા છે જીલ્લાના ડેમમાં પણ પાણીની અવાક શરુ થતા પાણીનું તોળાઈ રહેલ સંકટ ટળ્યુ છે જીલ્લામાં આવેલ નદીઓમાં ઘોડાપુર આવતા તમામ નદીઓ બે કાંઠે વહેતા લોકો નદીના નીર જોવા ઉમટ્યા હતા.

### અરવલ્લી એસપી સંજય ખરાતનો માનવીય અભિગમ

# જીલ્લામાં પાણી ફરી વળેલ ડીપ-કોઝવે પર દુર્ઘટના ન ઘટે તે માટે પોલીસ તૈનાત કરી



મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

ઉત્તર ગુજરાતમાં ભારે વરસાદની આગાહી વચ્ચે અરવલ્લી જીલ્લામાં ઠેરઠેર ભારે વરસાદ ખાબક્યો છે જીલ્લામાં સાર્વત્રિક વરસાદ થી નદી,નાળા, છલકાયા છે જીલ્લાની નદીઓ બે કાંઠે વહેતા અનેક માર્ગોને જોડાતા ડીપ અને કોઝવે પર પાણી ફરી વળતાં ગ્રામ્ય વિસ્તારોનું જનજીવન થંભી ગયું હોય તેવો માહોલ જોવા મળી રહ્યો છે ગ્રામ્ય વિસ્તારો થી મુખ્યમાર્ગને જોડાતા ડીપ અને કોઝવે પર પાણી ફરવા છતાં કેટલાક વાહનચાલકો અને રાહદારીઓ જોખમ ખેડાતા હોવાથી દરવર્ષે પાણીમાં વાહનચાલક કે રાહદારી તણાવાની ઘટનાઓમાં જીવ ગુમાવવાની અનેક ઘટનાઓ બનતી હોય છે સેલ્ફી લેવાના ક્રેઝમાં અને નદી નાળામાં નાહવા જતા લોકોએ પણ જીવ ગુમાવ્યા છે ત્યારે અરવલ્લી જીલ્લા એસપી સંજય ખરાતે જીલ્લાના માર્ગો પર આવેલા નદી-કોઝવે પરથી પાણીનો પ્રવાહ વધતા કોઈ દુર્ઘટના ન ઘટે તે માટે પોલીસ બંદોબસ્ત સાથે લોકોની અવર-જવર પર પ્રતિબંધ લાદી દીધો છે

અરવલ્લી જીલ્લા પોલીસવડા સંજય ખરાતે ચાર્જ સાંભળતાની સાથે જીલ્લામાં અસામાજિક પ્રવૃતિઓ પર બ્રેક લગાવવા કમરકસી છે ત્યારે જીલ્લા એસપીનો માનવીય અભિગમ પણ જોવા મળી રહ્યો છે હાલ મેઘરાજાની જીલ્લામાં ધુંવાધાર બેટિંગના પગલે ગ્રામ્ય વિસ્તારોને જોડાતા કેટલાક ડીપ અને કોઝવે પર પાણી ફરી વળ્યું છે વાહનચાલકો અને રાહદારીઓ જોખમી રીતે પસાર થવાનું સાહસ કરી રહ્યા હોવાનું જીલ્લા પોલીસવડાને ધ્યાને આવતાં પાણીથી તરબોળ બનેલ ડીપ, કોઝવે પર પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો છે અને ડીપ-કોઝવે પરથી પસાર થતા વાહનચાલકો અને રાહદારીઓ પર પ્રતિબંધ લગાવી દેવામાં આવતા લોકોએ પોલીસતંત્રની કામગીરીને બિરદાવી હતી.

# ભારે વરસાદ વચ્ચે બનાસકાંઠા અને જામનગરમાં ભૂકંપના આંચકા અનુભવાયા

બનાસકાંઠા,તા.૨૩

રાજ્યમાં આજથી હવામાન વિભાગ દ્વારા ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. તો બનાસકાંઠામાં વરસાદને પગલે રેડ એલર્ટ પણ જાહેર કરાયું છે. તેવામાં આસમાની આફતની આશંકા વચ્ચે બનાસકાંઠામાં ધરા ધ્રૂજતાં લોકોમાં ફફડાટ ફેલાઈ ગયો છે. બનાસકાંઠામાં મોડી રાત્રે ભૂકંપના આંચકા અનુભવાતા લોકો ઘર બહાર દોડી આવ્યા હતા. બનાસકાંઠામાં ગત રાત્રે ૧૧.૩૪ કલાકે ભૂકંપનાં આંચકા અનુભવાયા હતા. પાલનપુરમાં પણ ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. રાતના સમયે જ ધરા ધ્રૂજવાને કારણે લોકોમાં ભયનો માહોલ ફેલાઈ ગયો હતો.

અને જીવ બચાવવા માટે લોકોએ ઘરની બહાર દોટ મૂકી હતી. જો કે, ભૂકંપનો સામાન્ય આંચકો આવ્યો હોવાથી કોઈ જાનહાનિ કે નુકસાન થયું ન હતું. મળતી માહિતી પ્રમાણે બનાસકાંઠામાં ૩.૪ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. અને ભૂકંપનું એપીસેન્ટર ડિસાથી ૨૨ કિલોમીટર દૂર નોંધવામાં આવ્યું છે. પાલનપુર, ડીસા, ધાનેરા સહિતના આસપાસના વિસ્તારોમાં ભૂકંપનો આંચકો અનુભવાયો છે. જામનગરમાં ૨.૩ની તિવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો છે.

### ૨૪ કલાકમાં ૨૧૮ તાલુકામાં મેઘ મહેર

# રાજ્યમાં અતિભારે વરસાદની આગાહી, એનડીઆરએફની ટીમો સ્ટેન્ડ બાય કરાઈ

અમદાવાદ,તા.૨૩

મધ્યપ્રદેશ પર વેલમાર્ક લો-પ્રેશર અને અપર એર સાયક્લોનિક સરક્યુલેશનથી રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદ પડશે. મહિસાગર, ખેડા, સાબરકાંઠામાં પણ વરસાદની આગાહી કરવામાં આવી છે. તેમજ બનાસકાંઠા, અમદાવાદમાં પણ ભારે વરસાદી શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. તો ગાંધીનગર, મોરબી, કચ્છમાં વરસાદની આગાહી કરાઈ છે. મોરબીના હળવદ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં મોડી સાંજથી સાર્વત્રિક ગાજવીજ તેમજ કડાકા ભડાકા સાથે વરસાદ વરસ્યો હતો. દીઘડીયા, સાપકડા,ચિત્રોડી, ભલગામડા,સાપકડા, મેરૂપર, કવાડીયા, માનસર, સુંદરગઢ, કીડી,જોગડ,રણમલપુર, ઘણાદ ,લીલાપુર, ટીકર,અજીતગઢ, માનગઢ, મિયાણી સહિતના વિસ્તારોમાં વરસાદ નોંધાયો હતો.



અમદાવાદ શહેર સાથે ગ્રામ્ય વિસ્તારોમાં પણ મોડી રાતથી અવિરત વરસાદ વરસી રહ્યો છે. અમદાવાદ જિલ્લોના સાણંદ સહિત આસપાસના વિસ્તારોમાં વહેલી સવારથી ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. સાણંદ તાલુકાના શેલા, સનાથલ, ચાંગોદર, મોડાસર, માણકોલ, રેથલ, ચરલ, ઝોલાપુર, ખોરજ, છારોડી, ઈયાવા,ગોધાવી, મનીપુર સહીતના ગામોમાં પણ વરસાદ નોંધાયો છે. વરસાદને લઈને હાઇવે પર વાહનચાલકોને વિઝિબિલિટી ઓછી થતાં મુશ્કેલી સર્જાઈ છે. સવારે ૮ વાગ્યા સુધીમાં ૨૭એમએમ વરસાદ ખાબક્યો છે. સાણંદમાં સીઝનનો કુલ ૨૩.૮૪ ઈંચ વરસાદ ખાબકી ચુક્યો છે. સરદાર સરોવર નર્મદા ડેમના ઉપરવાસમાં ભારે વરસાદ પડતાં ડેમની જળ સપાટીમાં ધરખમ વધારો થયો છે. ડેમના કેચમેન્ટ એરિયા ૫ થી ૫ ઈંચ વરસાદ ખાબકતા ડેમ પર પાણીની આવક ૧,૪૨૧૪૫ ક્યુસેક થઈ છે. દરલાકે જળ સપાટી ૮ થી ૧૦ સેન્ટિમીટર વધે છે. જળ સપાટી ૧૨૪.૬૨ મીટરે પહોંચી ગઈ છે. હજુ પણ ૧૨૦૦ મેગાવોટ વીજ ક્ષમતાના રિવર બેડ પાવર બંધ રખાયું છે. ડેમના ગેટ લાગ્યા બાદ ડેમને ૧૩૮.૬૮ મીટર સુધી ભરી શકાય છે. નર્મદા ડેમની જળ સપાટી વધી રહી છે જે ગુજરાત માટે સારા સમાચાર છે. સુરતમાં સાર્વત્રિક મેઘમહેર યથાવત છે. આખી રાતમાં સુરત શહેરમાં ૩ ઈંચ વરસાદ નોંધાયો છે. નવી સિવિલ હોસ્પિટલમાં ટ્રોમાં સેન્ટરની બહાર પાણી ભરાયા હતા. હાલ સુરત શહેરમાં ધીમી ધારે વરસાદ વરસી રહ્યો છે. અરવલ્લી, ખેડા, અમદાવાદ, પંચમહાલ, વડોદરા, નર્મદામાં વરસાદની આગાહી કરવામાં આવી છે. ભરૂચ અને સુરતમાં પણ ભારે વરસાદ પડશે. તમામ જિલ્લા કલેક્ટરને પરિસ્થિતિ પર નજર રાખવાની સૂચના આપવામાં આવી છે, તો એનડીઆર એફની વધુ કેટલીક ટીમો સ્ટેન્ડ બાય રાખવામાં આવી છે.રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. અને ભારે વરસાદની આગાહીને પગલે ગુજરાત સરકાર પણ હરકતમાં આવી ગઈ છે.

# અમદાવાદમાં મેઘરાજાનું હેત છલકાયું, અનેક વિસ્તારોમાં ભરાયું પાણી

અમદાવાદ,તા.૨૩

અમદાવાદમાં મેઘરાજાનું હેત છલકાયું છે. અને શનિવાર રાતથી આજ સવાર સુધી ધીમી ધારે અવિરત વરસાદ ચાલુ છે. અમદાવાદમાં સાર્વત્રિક મેઘમહેર જોવા મળી રહ્યો છે. અને પશ્ચિમ અમદાવાદ સહિત પૂર્વ અમદાવાદમાં સતત વરસાદ વરસી રહ્યો છે. ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં લો પ્રેશર સિસ્ટમ સર્જાતા સમગ્ર રાજયમાં ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું છે. અમદાવાદમાં શનિવાર રાતથી બોપલ, સેટેલાઇટ, વસ્ત્રાપુર, એસજી હાઈવે, વેજલપુર, સરખેજ, ગોતા, વૈષ્ણદેવી સર્કલ, રાણીપ, ન્યુ રાણીપ , ચાંદખેડા, મોટેરા, સાબરમતી, દુધેશ્વર, રખિયાલ, ઓઢવ, શાહીબાગ, મણિનગર, વટવા, જમાલપુર, ઈસનપુર સહિતના વિસ્તારમાં અત્યારે વરસાદ પડી રહ્યો છે. તો આજે સવારે પણ મેઘરાજાએ અટકવાનું નામ લીધું ન હતું. અને રવિવારના દિવસે જ આહલાદક વાતાવરણ સર્જાતાં શહેરીજનોમાં ખુશીનો માહોલ છવાઈ ગયો હતો. અનેક લોકોએ બહાર ફરવા માટે ટ્રીપનો પ્લાન કરી દીધો હતો. તો ગૃહિણીઓને કપડાં ક્યાં સુકાવવા તેની ચિંતા સતાવી લાગી હતી. રાજયમાં આજથી ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. રાજયમાં અનેક જિલ્લાઓમાં ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું છે.

તો સાવચેતીનાં પગલાં લેવા માટે પણ જિલ્લા તંત્રને તાકીદ કરી દેવામાં આવી છે. અમદાવાદ, બનાસકાંઠા, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, ખેડા, પંચમહાલ અને દાહોદ જિલ્લા તથા આજુબાજુના વિસ્તારોમાં ઓરેન્જ એલર્ટ અપાયું હતું. જ્યારે રવિવાર માટે બનાસકાંઠા, અરવલ્લી, મહિસાગર, કચ્છ અને દીવમાં રેટ એલર્ટ જયારે અમદાવાદ, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, ખેડા, પંચમહાલ, દાહોદ, સુરેન્દ્રનગર, જામનગર અને મોરબીમાં ઓરેન્જ એલર્ટ અપાયું છે.

# રાજકોટની કોવિડ હોસ્પિટલમાં વધુ ૧૬ દર્દીના મોત થતા તંત્ર ચિંતામાં

રાજકોટ,તા.૨૩

રાજ્યમાં કોરોનાની સ્થિતી દિવસેને દિવસે ગંભીર થતી જાય છે. રોજેરોજ ટેસ્ટની સંખ્યામાં વધારો કરાતા કોરોના પોઝિટિવ દર્દીઓ પણ વધી રહ્યા છે. અત્યાર સુધીમાં ૬૮,૨૫૭ દર્દીઓ સાજા થયા છે. રાજ્યનો દર્દીઓ સાજા થવાનો દર ૮૦%ટકા છે. જો એક્ટિવ દર્દીઓની વાત કરીએ તો રાજયમાં હાલ ૧૪૫૩૮ એક્ટિવ કેસ છે. વેન્ટિલેટર પર ૮૫ છે. જ્યારે ૧૪૪૫૩ લોકો સ્ટેબલ છે. ત્યારે રાજકોટમાં પણ કોરોનાનાં દર્દીઓની સંખ્યામાં સતત વધારો થઇ રહ્યો છે. આજની વાત કરીએ તો આજે બપોરે ૧ વાગ્યા સુધીમાં રાજકોટ શહેરમાં ૧૬ દર્દીઓના મોત નિપજ્યા છે. ત્યાં જ નવા ૨૮ કેસ સામે આવ્યા છે. રાજકોટ શહેરમાં ગઇ કાલે ૬૪ કેસ નોંધાયા હતા જ્યારે ગ્રામ્યમાં ૩૫ મળી કુલ ૯૯ કેસ નોંધાયા હતા. જ્યારે રાજકોટ સિવિલમાં શહેરના ૩ દર્દી સહિત કુલ ૯ લોકોના મોત નિપજ્યા હતાં. શહેરમાં સ્થાનિક લોકો દ્વારા સરકારી ગાઇડલાઇનનું ભંગ કરતા હોવાની ખબરો પણ સામે આવતી રહે છે.

# મહેસાણાના કડીમાં મેધાની ધમાકેદાર બેટિંગ, ૧૩ ઈંચ વરસાદથી જળબંબાકાર



મહેસાણા,તા.૨૩

ગુજરાતમાં વરસાદી સિસ્ટમ સક્રીય થતાં સમગ્ર રાજયમાં મેઘમહેર જોવા મળી રહી છે. રવિવારે સવારે ૬ વાગ્યાથી ૧૨ વાગ્યા સુધીમાં રાજયમાં ૨૩૪ તાલુકામાં મેઘમહેર જોવા મળી છે. રવિવારે સમગ્ર રાજયમાં મેઘરાજાએ મહેસાણા જિલ્લામાં તોફાની બેટિંગ કરી હતી. મહેસાણાના કડીમાં આભ ફાટ્યું હોય તેમ ૧૩ ઈંચ વરસાદ વરસતાં જળબંબાકારની સ્થિતિનું નિર્માણ થયું હતું. જયારે સરસ્વતીમાં ૭.૫ ઈંચ, બેચરાજીમાં ૮.૫ ઈંચ અને જોટાણામાં ૭ ઈંચ વરસાદ ખાબક્યો હતો. તો મહેસાણાની બાજુમાં આવેલ પાટણ જિલ્લામાં અનરાધાર વરસાદ ખાબત્યો હતો. અત્યાર સુધી કુલ ૧૧૨ તાલુકાઓમાં એક ઇંચ કરતાં વધુ વરસાદ પડયો છે.

મહેસાણા શહેરમાં ૫.૩ ઈંચ વરસાદ નોંધાયો હતો. નાગલપુર કોલેજ વિસ્તાર, સત્યનારાયણ, નેતાજી નગરમાં પાણી ભરાયા હતા. ઘરમાં પાણી ફરી વળતા સ્થાનિકો મુશ્કેલીમાં મુકાયા હતા. આ ઉપરાંત પાટણ અને ગાંધીનગર જિલ્લામાં પણ ધોધમાર વરસાદ નોંધાયો હતો. રાજયમાં સતત ૨ દિવસથી વરસાદી માહોલ વચ્ચે સરકાર પણ હરકતમાં આવી હતી. અને મુખ્ય સચિવની અધ્યક્ષસ્થાને એક બેઠક મળી હતી. બેઠક બાદ રાજયના રાહત કમિશનર હર્ષદ પટેલે પ્રેસ કોન્ફરન્સને સંબોધતાં જણાવ્યું હતું કે, રાજયમાં ૯૩ ટકા જેટલો વરસાદ રાજયમાં પડી ચૂક્યો છે. માત્ર બે તાલુકા એવા છે, કે જેમાં ૨૫૦ મિલીમીટર એટલે કે ૧૦ ઈંચથી ઓછો વરસાદ પડયો છે. આ ઉપરાંત હર્ષદ પટેલે જણાવ્યું કે, સરદાર સરોવર ડેમમાં હાલ ૬૦.૮૩ ટકા પાણી છે. તો રાજયના ૧૦૮ ડેમ હાઈ એલર્ટ પર છે. ભારે વરસાદને પગલે ૯૮૦૪ લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે. રાજકોટમાં સતત ૧૭૦૦ લોકોનું સ્થળાંતર થયું છે. એનડીઆરએફની ૧૩ ટીમો કામે લગાડવામાં આવી છે. બનાસકાંઠા, પાટણ, છોટાઉદેપુર, મહીસાગરમાં ૧૧ જેટલી ટીમો સ્ટેન્ડ બાય રાખવામાં આવી છે. આ ઉપરાંત માછીમારોને દરિયો ન ખેડવા માટે સૂચના આપવામાં આવી છે. સાથે હર્ષદ પટેલે જણાવ્યું કે રાજયમાં ૯૪ ટકા જેટલું વાવેતર થઈ ચૂકયું છે. ૪૪ નદીઓ ઓવરફલો થઈ છે. કચ્છમાં જિલ્લામાં ૧૬૨ ટકા, સૌરાષ્ટ્રમાં ૧૨૩ ટકા વરસાદ, મધ્યપૂર્વમાં ૭૩ ટકા વરસાદ વરસ્યો છે.

ગુજરાતમાં વરસી રહેલા વરસાદને પગલે ઘણા ગામડા જળબંબાકાર બન્યા છે અને હજુ જળસ્તર ઉંચા આવતા પૂરની સ્થિતિને પહોંચી વળવા ૧૧ એનડીઆરએફની ટિમો રાજયમાં તૈનાત કરવામાં આવી છે. બનાસકાંઠા, દાહોદ, પાટણ દ્વારકા, જામનગર, ગીર સોમનાથમાં એનડીઆરએફ તૈનાત કરવામાં આવી છે.

# ગુજરાત આવનારા અને લક્ષણો ધરાવતા તમામ પ્રવાસીઓના કોરોના ટેસ્ટ થશે

ગાંધીનગર,તા.૨૩

મહામારી કોરોનાને પગલે ફલાઈટમાં પ્રવાસ કરી રહેલા પેસેન્જર્સ માટે સમયાંતરે ગાઈડલાઈન્સ બહાર પાડવામાં આવી રહી છે. આ અંગે ગુજરાત આવતા પેસેન્જર્સ માટે ઈન્ડિગોએ ક્વોરન્ટીનથી લઈ સેલ્ફ રિપોર્ટિંગ સંબંધિત નવા નિયમો જાહેર કર્યા છે. આ નવા નિયમો મુજબ, જ્યારે ગુજરાતમાં પ્રવેશી રહેલા લક્ષણો વિનાના પેસેન્જર્સને ક્વોરન્ટીન કરવામાં આવશે નહીં, જો કે તેમને ૧૪ દિવસ સુધી પોતાનું જાતે મોનિટરિંગ કરવાની શરતે આ છૂટ આપવામાં આવશે. જયારે આંતરરાષ્ટ્રીય પ્રવાસ કરીને આવેલા પેસેન્જર્સને ૭ દિવસનું ઈન્સ્ટિટ્યુશનલ અને ૭ દિવસ સુધી હોમ ક્વોરન્ટીન થવું પડશે. તમામ પેસેન્જર્સનું થર્મલ સ્ક્રિનિંગ કરવામાં આવશે અને લક્ષણો ધરાવતા તમામ પેસેન્જર્સના કોરોના ટેસ્ટ કરાશે. માત્ર એટલું જ નહીં, તમિલનાડુ જનારા ગુજરાતી પ્રવાસીનો કોરોના ટેસ્ટ પણ કરવામાં આવશે.

એરપોર્ટ પર આવ્યા બાદ પેસેન્જર્સે સેલ્ફ રિપોર્ટિંગ ફોર્મ ભરીને જમા કરાવવું પડશે. જયારે સુરત આવનારા પેસેન્જર્સે ઓનલાઈન નોવેલ કોરોના સેલ્ફ રિપોર્ટિંગ ફોર્મ ભરવાનું રહેશે અને 'એસએમસી કોવિડ ૧૯' એપ ડાઉનલોડ કરવી પડશે. પેસેન્જરર્સે તેમના મોબાઈલમાં આરોગ્ય સેતુ એપ ફરજિયાત ડાઉનલોડ કરવાની રહેશે. તેમજ સુરત આવેલા પેસેન્જર્સની સંખ્યા અંગે એસએમસીના અધિકારીઓને જાણ કરવી પડશે. તેની સાથે સાથે amc.swz@suratmunicipal.org પર મ્યુનિસપલ કમિશનરને સમયસર પેસેન્જર્સની યાદીની એક સોફ્ટ કોપી મોકલવાની રહેશે. જેમાં એરપોર્ટ પર

આવનારા તમામ પેસેન્જર્સે એસએમસીની વેબસાઈટ પર ઉપલબ્ધ સેલ્ફ ડિકલેરેશન ફોર્મ ભર્યું છે કે નહીં તે સુનિશ્ચિત કરવું પડશે. સુરત એરપોર્ટ એરલાઈન્સ સ્ટેશન મેનેજરે જ્યાંથી પેસેન્જર્સ ફલાઈટમાં બેઠા હોય તે સ્ટેશન સાથે કોઓર્ડિનેશન કરવાનું રહેશે. તેની સાથે સાથે સુરત આવી રહેલા તમામ પેસેન્જર્સને બૂકિંગ સમયે જ આ ગાઈડલાઈન સંબંધિત તમામ માહિતી એસએમએસ જેવા વિવિધિ માધ્યમથી આપી છે કે નહીં તે પણ સુનિશ્ચિત કરવું પડશે. જે સ્થળેથી ફલાઈટ ટેક ઓફ થાય ત્યાં ફલાઈટમાં પણ જરૂરી એનાઉન્સમેન્ટ કરવાનું રહેશે.

# ભાવનગરમાં ગણેશ ઉત્સવઃ ૧૦ દિવસ સુધી પ્લાઝમા અને રક્તદાન કેમ્પનું આયોજન

ભાવનગર,તા.૨૩

ભાવનગરમાં પરંપરાગત ગણેશજીની સ્થાપના, ઉજવણી અને ભક્તિ કરવાને સ્થાને કોરોના મહામારીમાં માનવ સેવા ધર્મને મહત્વ આપી પ્લાઝમા અને રક્તદાન કેમ્પનું દસ દિવસ માટે આયોજન કરવામાં આવ્યું છે. રક્તદાન થકી કોરોના પીડિત દર્દીઓની સેવા ભક્તિ કરાશે. ભાવનગરમાં ક્રેસન્ટ સર્કલ ખાતે સેતુબંધ માણેકવાડી મિત્ર મંડળ દ્વારા વર્ષોથી પરંપરા મુજબ ગણેશોત્સવ યોજાવામાં આવે છે.

આ વર્ષે કોરોનાની વૈશ્વિક મહામારીની ગંભીરતાને ધ્યાને લઈ ગણેશજીની સ્થાપના અને સેવા કરવાને બદલે માનવ સેવા ધર્મના ભાગરૂપે દસ દિવસ સુધી નિર્મળનગર ડાયમંડ સોશિયલ ગ્રુપના સહયોગથી રકતદાન અને પ્લાઝમા ડોનેટનું આયોજન કરવામાં આવ્યું છે. કોરોનાની ગંભીર બીમારીથી પીડાતા દર્દીઓની સેવાર્થે પ્લાઝમા અને રક્તદાનનું આયોજન કરવામાં આવ્યું છે. રકતદાન અને પ્લાઝમા ડોનેટ કરનાર દાતાઓને મોમેન્ટો આપવામાં આવશે.

પ્રથમ ૧૦૦ પ્લાઝમા ડોનેટ કરનાર દાતાઓને વિશેષ મોમેન્ટ આપી સન્માનિત કરવામાં આવશે. ભાવનગરમાં કોરોના પીડિત દર્દીઓ માટે પ્રથમવાર આ પ્રકારે આયોજન કરવામાં આવ્યું છે. ક્રેસન્ટ પંડાલમાં ગણેશજીની પરંપરાગત સ્થાપના બંધ રાખી રકતદાન અને પ્લાઝમા ડોનેટ દ્વારા માનવ સેવા કરવામાં આવી રહી છે. ગણેશજીની પ્રભુ ભક્તિના સ્થાને કોરોના પીડિત દર્દીઓની રકતદાન અને પ્લાઝમા ડોનેટ કેમ્પ દ્વારા સેવા ભક્તિ કરવામાં આવી રહી છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CYMK